પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૪૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૯-૦૨-૨૦૨૪ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પાકિસ્તાનમાં મતદાન દરમિયાન હિંસા, ગોળીબાર, પાંચ સુરક્ષાકર્મીનાં મોત નિપજયાં, ઈન્ટરનેટ સેવા બંધ



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં આજે મતદાન કરાવવામાં આવ્યું હતું મતદાન પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે જ અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ચૂંટણી કાર્યકરોની સુરક્ષા કરી રહેલા સૈનિકો પર ગોળીઓ ચલાવવામાં આવી હતી.આ હુમલામાં પાંચ સુરક્ષાકર્મીના મોત નિપજયાં છે આ હુમલો ટેક્ક જિલ્લાના કોટ આઝમ વિસ્તારમાં થયો હતો જયારે અજ્ઞાત બંદૂકધારીઓએ મતદાન કાર્યકરોની સુરક્ષા કરતી સુરક્ષા ટીમ પર ગોળીબાર કર્યો હતો, આતંકીઓએ ખૈબર પખ્તૂનખ્વાંના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના કુલાચીમાં એક પોલીસ મોબાઈલ વાનને નિશાન બનાવી હતી. આતંકીઓએ પહેલા આઈઈડી બ્લાસ્ટ કર્યો અને પછી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં અત્યાર સુધીમાં ૫ પોલીસકર્મીઓ મૃત્યુ પામી ચૂક્યાના અહેવાલ છે જ્યારે અન્ય ૨ ઘવાયા હતા. હુમલાખોરોએ ૩૦ મિનિટથી વધુ સમય સુધી સતત ગોળીબાર કરતાં પહેલા એક ઈમરજન્સી વિસ્ફોટક ડિવાઈસ પણ ગોઠવી દીધું હતું. આ વિસ્ફોટને લીધે ગાડીનું કચ્ચરઘાણ વળી ગયું હતું. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ ગઈકાલે મોટો આતંકી હુમલો થયો હતો જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે આ હુમલાની નિંદા કરીને શહીદ પોલીસકર્મીઓના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે સુરક્ષા દળોને આતંકવાદીઓને પકડવા માટે દરેક સંભવ પ્રયાસ કરવા સૂચના આપી છે. સ્થાનિક પોલીસ ઈમરજન્સી સેન્ટરે ફોન દ્વારા એનાદોલુને જણાવ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે કોટ આઝમ સ્ટેશન પર મતદાન અસ્થાયી રૂપે રોકી દેવામાં આવ્યું હતું આ ટાંકી અફઘાન સરહદ નજીક વઝીરિસ્તાન જિલ્લાની સરહદે છે. પાકિસ્તાને પોતાના દેશમાં ચાલી રહેલા મતદાનને કારણે અફઘાનિસ્તાન અને ઈરાન સાથેની સરહદ બંધ કરી દેવામાં આવી હતી

અગાઉ બુધવારે ત્રણ અલગ-અલગ બોમ્બ વિસ્ફોટોમાં ઓછામાં ઓછા ૨૯ લોકો માર્યા ગયા બાદ સત્તાવાળાઓએ દેશભરમાં મોબાઈલ ફોન સેવાઓ પણ સ્થગિત કરી દીધી હતી.

પાકિસ્તાનમાં આજે સામાન્ય ચૂંટણીઓ માટે મતદાન સવારે ૮ વાગ્યે (ભારતીય સમય મુજબ ૮.૩૦ વાગ્યે) શરૂ થયું હતું સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને દેશના ઘણા શહેરોમાં મોબાઈલ-ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી સાડા છ લાખ સુરક્ષા જવાનો તૈનાત કરાયા હતાં આ ચૂંટણીમાં ૫૧૨૧ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે તેમાંથી ૪,૮૦૬ પુરૂષો, ૩૧૨ મહિલાઓ અને બે ટ્રાન્સજેન્ડર ઉમેદવારો છે જેમનું ભાવી મતદારોએ નક્કી કરી લીધું છે આ ચુંટણીમાં ત્રણ પક્ષો પીટીઆઈ,પીએમેન એલ અને પાકિસ્તાન પીપલ્સ પાટી વચ્ચે જોરદાર સ્પર્ધા છે. સામાન્ય ચૂંટણી માટે ૯,૦૭,૬૭૫ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતાં આ ચૂંટણીમાં નવાઝ શરીફની નજર રેકોર્ડ ચોથી વખત વડાપ્રધાન બનવા પર હશે. તે જ સમયે, બિલાવલ ભુટ્ટો-ઝરદારી પીપીપી તરફથી વડાપ્રધાન પદનો ચહેરો છે. પાકિસ્તાનમાં વોટિંગની વચ્ચે, ભૂતપૂર્વ સ્ક્વછ મોહસિન દાવરે દાવો કર્યો છે કે કેપીકેના ઉત્તર વઝિરસ્તાનના તાપ્પીમાં તેમની ત્રણ મહિલા પોલિંગ એજન્ટો પર તાલિબાનો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. મોહસિને કહ્યું કે તેણે વોટિંગ સ્ટેટસ બદલવા માટે ડીઆરઓને પત્ર લખ્યો છે.

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શહેબાઝ શરીફે લાહોર પોલિંગ બૂથ પર પોતાનો મત આપ્યો હતો નવાઝ શરીફે મતદારોને નેશનલ એસેમ્બલીમાં બહુમતી આપવા વિનંતી કરી. પૂર્વ પીએમ નવાઝ શરીફે લોકોને બહાર આવવા અને મતદાન કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે દેશમાં સ્થિરતા લાવવા માટે એક પક્ષની બહુમતી જરૂરી છે.નવાઝ શરીફે પાકિસ્તાનમાં ગઠબંધન સરકારની તમામ શક્યતાઓને પણ ફગાવી દીધી હતી.ત્રણ વખત વડાપ્રધાન રહી ચૂકેલા શરીફે તેમની પુત્રી મરિયમ નવાઝ સાથે પ્રાંતીય રાજધાનીમાં પોતાનો મત આપ્યા બાદ ગઠબંધન સરકાર વિશે વાત ન કરવા જણાવ્યું હતું. દેશમાં એક પક્ષની બહુમતી રાષ્ટ્ર માટે મહત્વપૂર્ણ છે.આ દરમિયાન નવાઝ શરીફે તેમના હરીફ ઈમરાન ખાન પર પણ નિશાન સાધ્યું હતું. ખાન પર પરોક્ષ પ્રહાર કરતાં તેમણે કહ્યું કે દેશને હીલિંગ ટચની જરૂર છે. તેમણે શેહબાઝ શરીફ, મરિયમ નવાઝ અને હમઝા શહેબાઝ સહિતના પક્ષના નેતાઓના બલિદાનને પણ પ્રકાશિત કર્યું અને કહ્યું કે તેઓએ પણ જેલમાં સમય વિતાવ્યો છે.

જેલમાં બંધ ઈમરાન ખાને અદિયાલા જેલ પોસ્ટલ બેલેટ દ્વારા પોતાનો મત આપ્યો. તે જ સમયે, જેલમાં અન્ય અગ્રણી રાજકીય વ્યક્તિઓએ પણ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું. પૂર્વ વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશી, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી ચૌધરી પરવેઝ ઈલાહી, અવામી મુસ્લિમ લીગના વડા શેખ રશીદ અને પૂર્વ માહિતી મંત્રી ફવાદ ચૌધરીએ પણ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું.નવાઝ શરીફને લઈને મંત્રી શાહબાઝ શરીફે મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે જો તેમની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ સંસદીય ચૂંટણીમાં બહુમતી મેળવે છે, તો તેમના મોટા ભાઈ નવાઝ શરીફ પાકિસ્તાનના આગામી વડાપ્રધાન બનશે.

## આરબીઆઈએ રેપો રેટમાં કોઈ જ પ્રકારનો ઘટાડો કર્યો નહી, રેપો રેટ ૬.૫ ટકા યથાવત રાખ્યો

### સસ્તી લોનની રાહ જોઈને બેસેલાં લોકોની આશા સાવ ઠગારી નીવડી છે, વ્યાજ દરમાં સતત છઠ્ઠી વખત કોઈ ફેરફાર નહીં

મુંબઈ,

દેશભરના લોકોની નજર આજે મળનારી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનિટરી પોલીસીની બેઠક પર હતી. જોકે, લોકોની આશા અપેક્ષાઓ સાવ ઠગારી નીવડી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એટલેકે, આરબીઆઈ દ્વારા કોઈ જ રાહત આપવામાં આવી નથી. રેપો રેટમાં કોઈ જ પ્રકારનો ઘટાડો કરાયો નથી. તેથી સસ્તી લોનની રાહ જોઈને બેસેલાં લોકોની આશા સાવ ઠગારી નીવડી છે. જેના કારણે લોન પર મકાન લેવાનું વિચારી રહેલાં કરોડો લોકોને મોટો ઝટકો પહોંચ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સતત છઠ્ઠી વખત વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી.આરબીઆઈએ વ્યાજ દરો ૬.૫ ટકા પર યથાવત રાખ્યા છે. એટલે કે લોન મોંઘી નહીં થાય અને તમારો ઈએમઆઈ પણ નહીં વધે જ્યારે ગત નાણાકીય વર્ષમાં રેપો રેટ ૬ વખતમાં ૨.૫૦%નો વધારો કરવામાં આવ્યો હતો. ૬ ફેબ્રુઆરીથી ચાલી રહેલી મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે આજે એટલે કે ગુરુવારે આ માહિતી આપી હતી. આ બેઠક દર બે મહિને થાય છે.આરબીઆઈએ તેની અગાઉની ડિસેમ્બરની બેઠકમાં વ્યાજ દરમાં વધારો કર્યો ન હતો. પાછલા નાણાકીય વર્ષમાં રેપો રેટમાં ૨.૫૦% ૬ ગણો વધારો થયો છે નાણાકીય નીતિની બેઠક દર બે મહિને થાય છે. ગયા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની પ્રથમ બેઠક એપ્રિલ-૨૦૨૨માં યોજાઈ હતી. ત્યારે આરબીઆઈએ રેપો રેટને ૪% પર સ્થિર રાખ્યો હતો, પરંતુ ૨જી અને ૩જી મેના રોજ ઈમરજન્સી મીટિંગ બોલાવીને આરબીઆઈએ રેપો રેટ ૦.૪૦% વધારીને ૪.૪૦% કર્યો હતો. રેપો રેટમાં આ ફેરફાર ૨૨ મે, ૨૦૨૦ પછી થયો છે. આ પછી ૬ થી ૮ જૂન દરમિયાન યોજાયેલી બેઠકમાં રેપો રેટમાં ૦.૫૦%નો વધારો કરવામાં આવ્યો હતો. આ કારણે રેપો રેટ ૪.૪૦% થી વધીને ૪.૯૦% થયો. પછી ઓગસ્ટમાં તેમાં ૦.૫૦%નો વધારો કરીને તેને ૫.૪૦% કરવામાં આવ્યો. સપ્ટેમ્બરમાં વ્યાજ દર વધીને ૫.૯૦% થયા. ત્યારબાદ ડિસેમ્બરમાં વ્યાજ દર ૬.૨૫% પર પહોંચી ગયા. આ પછી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે છેલ્લી નાણાકીય નીતિની બેઠક ફેબ્રુઆરીમાં યોજાઈ હતી, જેમાં વ્યાજ દર ૬.૨૫% થી વધારીને ૬.૫૦% કરવામાં આવ્યો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ છેલ્લે રેપો રેટ વધાર્યો હતો. કેન્દ્રીય બેંકે છેલ્લે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રેપો રેટ વધાર્યો હતો. ત્યારબાદ આરબીઆઈએ તેમાં ૨૫ બેસિસ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાનો વધારો કરીને ૬.૫ ટકા કર્યો હતો. ત્યારથી, આ દરો સતત છ એમપીસી બેઠકોમાં યથાવત રાખવામાં આવ્યા છે અને આ વખતે પણ તેમાં ફેરફારની શક્યતા ઓછી છે.

રેપો રેટ એ દર છે કે જેના પર દેશની મધ્યસ્થ બેંક ભંડોળની અછતના કિસ્સામાં વ્યાપારી બેંકોને નાણાં ધિરાણ આપે છે. રેપો રેટનો ઉપયોગ મોનેટરી ઓથોરિટી દ્વારા ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે. હકીકતમાં, રેપો રેટની અસર સામાન્ય લોકો દ્વારા બેંકોમાંથી લેવામાં આવેલી લોનની ઈએમઆઈ પર જોવા મળે છે. જો રેપો રેટમાં ઘટાડો થાય છે તો સામાન્ય લોકોની હોમ અને કાર લોનની ઈએમઆઈ ઘટે છે અને જો રેપો રેટ વધે છે તો કાર અને હોમ લોનના ભાવ વધે છે.

## ગાંધીનગરમાં એકસાથે ૨૭ સ્થળો પર મેગા આઈટી રેડ, ૧૦૦ અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં વ્યસ્ત

ગાંધીનગર,

ગુજરાતમાં વધુ એક વાર આઈટી વિભાગનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. આ વખતે ગુજરાતના પાટનગરના બિલ્ડર આઈટીના ટાર્ગેટ પર આવ્યા છે. ગાંધીનગરમાં લાંબા સમય બાદ ઈક્મટેક્સનું મેગા સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. આ દરોડાથી ગાંધીનગરની બિલ્ડર લોબીમાં ફફડાટ ફેલાયો છે. ગાંધીનગરના બિલ્ડરો ઉપર ઈક્મટેક્સના દરોડા પડ્યા છે.પીએસવાય ગૃપના પર દરોડા પડ્યા હતાં સેક્ટર ૮, સરગાસણ અને પીડીપીયુ રોડ ઉપર આવેલી ઓફિસ અને નિવાસસ્થાન પર સર્ચ ઓપરેશન ચલાવાયું હતું ગાંધીનગરના બિલ્ડરો પર ઈક્મ ટેક્સ વિભાગના દરોડા પડ્યા છે. એક સાથે ૨૭ સ્થળો પર આઈટીના દરોડા પડ્યા છે.પીએસવાય ગૃપ પર ઈક્મ ટેક્સ વિભાગ ત્રાટક્યું છે. બંકીમ જોશી, નિલય દેસાઈ, વિક્રાંત પુરોહિત સહિતના ભાગીદારોને ત્યાં મોટાપાયે સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ આઈટીના દરોડાથી ગાંધીનગરના બિલ્ડરોમાં ફફડાટ ફેલાયો છે. સેક્ટર ૮, સેક્ટર ૨૧, સરગાસણ,પીડીપીયુ રોડ પર તપાસ ચાલી રહી છે. બિલ્ડરની ઓફિસ અને નિવાસસ્થાને દરોડા પાડવામાં આવ્યા છે. આ દરોડામાં ઈક્મટેક્સ વિભાગના ૧૦૦થી વધુ અધિકારી તપાસમાં જોડાયા છે. આ તપાસમાં મોટાપાયે બેનામી વ્યવવાહ મળવાની શક્યતા છે.

પીએસવાય ગ્રુપ ઉપર ઈક્મટેક્સની રેડ પડતા જ ગાંધીનગરમાં ડરનો માહોલ છવાયો છે. બંકીમ જોશી અને નિલય દેસાઈ, વિક્રાંત પુરોહિત સહિતના ભાગીદારોને દરોડા પડતા આખી બિલ્ડર લોબી આકુળવ્યાકુળ બની છે. કારણ કે, આ તપાસના અંતે મોટાપાયે બેનામી વ્યવહાર મળે તેવી સંભાવના છે.

તો બીજી તરફ, વડોદરામાં વોર્ડ વિઝાર્ડ કંપનીમાં આવકવેરા વિભાગની સતત બીજા દિવસે સર્ચની કામગીરી ચાલી છે. આવકવેરા વિભાગ દ્વારા ગત વહેલી સવારથી વોર્ડ વિઝાર્ડના સીએમડી યતીન ગુપ્તેના નિવાસસ્થાન સહિત કંપની, હોસ્પિટલો, પ્લાન્ટ પર મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા હતા. આવકવેરા વિભાગ દ્વારા વોર્ડ વિઝાર્ડ કંપનીના હિસાબોની તપાસ હાથ ધરવામાં આવી છે. આવકવેરા વિભાગ દ્વારા મહત્વના દસ્તાવેજી પુરાવા અને કોમ્પ્યુટર, હિસાબી રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા છે. આવકવેરાના દરોડાના પગલે વોર્ડ વિઝાર્ડ કંપનીના શેર ૭.૪૯ ટકા જેટલો તૂટ્યો છે. વોર્ડ વિઝાર્ડ મેડિકલ, હેલ્થકેર, મનોરંજન, ફૂડ તેમજ ઈવેન્ટ મેન્જમેન્ટમાં પણ સક્રિય છે. તેમજ વોર્ડ વિઝાર્ડના ઝસ્ઠ યતીન ગુપ્તે અનેક રાજકારણીઓ સાથે ઘરોબો ધરાવે છે.

## દિલ્હીમાં મેટ્રોનો સ્લેબ ધારાશાયી થતા ૪ લોકોના મોત, એક ગંભીર

નવીદિલ્હી,

દિલ્હીના ગોકલપુરી વિસ્તારમાં એક મોટો દુર્ઘટના સર્જાઈ છે. મળતી માહિતી મુજબ અચાનક ગોકુલપુરી મેટ્રો સ્ટેશનના સ્લેબનો એક જૂનો ભાગ અચાનક જમીન પર તૂટી પડ્યો હતો . આ અકસ્માતમાં ત્યાંથી પસાર થતા ૪ બાઈક સવારો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. મળતી માહિતી મુજબ આ દુર્ઘટનામાં ૪ના મોત થયા છે તેમજ એકની હાલત ગંભીર છે.દિલ્હી ફાયર બ્રિગેડને તુરંત મામલાની જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બુલડોઝરની મદદથી કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. બે લોકો કાટમાળ નીચે દટાયા હતા અને તેમને તાત્કાલિક જીટીબી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.બચાવ કામગીરીના થોડા સમય બાદ ૧૨ વાગ્યાની આસપાસ અન્ય બે ઘાયલ લોકોને પણ કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. એક વ્યક્તિની હાલત નાજુક છે. ઉત્તર પૂર્વ દિલ્હીના ડીસીપી પૂર્વ જોય તિર્કીએ જણાવ્યું કે જેસીબી અને ક્રેનની મદદથી કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે. સ્થાનિક પોલીસ અને મેટ્રો સ્ટાફ ઘટનાસ્થળે હાજર છે. આ મામલે કેસ નોંધવામાં આવ્યો છેફાયર વિભાગના જણાવ્યા અનુસાર ખતરો હજુ યથાવત છે. તૂટેલા સ્લેબનો એક ભાગ હજુ પણ હવામાં લટકી રહ્યો છે. જેના કારણે તે રસ્તો સામાન્ય લોકોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. કાટમાળથી કેટલીક મોટરસાઈકલ અને અન્ય વાહનોને પણ નુકસાન થયું છે. દિલ્હી પોલીસ અને મેટ્રોની ટીમ અકસ્માતનું કારણ શોધવામાં વ્યસ્ત છે.

## ભાજપે ૧૦ વર્ષોમાં ૪૧૧ વિધાનસભ્યો તોડ્યાઃ ખડગેએ જારી કર્યું બ્લેક પેપર



નવીદિલ્હી,

કોંગ્રેસે મોદી સરકારની નિષ્ફળતાઓ જણાવવા માટે બ્લેક પેપર જારી કર્યું છે. આ બ્લેક પેપરમાં મોંઘવારી, બેરોજગારી, સામાજિક ન્યાય, ખેડૂત અને કેટલાય અન્ય વિષયો પર સરકારની નિષ્ફળતાનો ઉલ્લેખ કર્યો હતો. પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે બ્લેક પેપર જારી કર્યું છે, એમાં પાર્ટીએ એને ૧૦ વર્ષ, અન્યાય કાળ નામ આપ્યું છે.તેમણે કહ્યું હતું કે અમે આ બ્લેક પેપરમાં અમારો મુખ્ય મુદ્દો બેરોજગારીનો છે. જે દેશનો સૌથી મોટો મુખ્ય મુદ્દો છે અને ભાજપ આ વખતે કોઈ વાત નથી કરતી.

કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિંદબરમે કહ્યું હતું કે આવો પ્રામાણિક. સત્ય આધારિત યોગ્ય ડેટા સામે લાવે અને પછી અમારી પાસે એક જાણકારીપૂર્ણ વાદવિવાદ થશે. વડા પ્રધાન મોદીએ બુધવારે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપ્યો, ત્યારે તેમણે કોંગ્રેસે બંગાળમાંથી ૪૦ને પાર ન કરવાના પડકારનો સામનો કર્યો છે. હું પ્રાર્થના કરું છું કે તમે ૪૦ બચાવી શકો, જ્યારે કોંગ્રેસ કેન્દ્ર સરકારના વ્હાઈટ પેપર સામે બ્લેક પેપર લાવી છે.

આ દરમ્યાન સંસદનું વર્તમાન બજેટ સત્ર એક દિવસ વધારીને ૧૦ ફેબ્રુઆરી સુધી કરવામાં આવી રહ્યું છે. સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ આ માહિતી આપી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર ૨૦૧૪ પહેલાં અને પછીની ભારતીય અર્થવ્યવસ્થાની સ્થિતિની તુલના કરતું 'વ્હાઈટ પેપર' રજૂ કરવાની યોજના બનાવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર યુપીએ સરકારનાં ૧૦ વર્ષના આર્થિક ગેરવહીવટ પર 'વ્હાઈટ પેપર' લાવવા જઈ રહી છે, તેથી બજેટ સત્ર એક દિવસ લંબાવવામાં આવ્યું છે.

આ 'વ્હાઈટ પેપર' દ્વારા મોદી સરકાર પોતાની અને યુપીએ સરકાર દરમિયાન દેશની આર્થિક સ્થિતિનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરી શકે છે. આર્થિક ગેરવહીવટ ઉપરાંત, શ્વેતપત્રમાં યુપીએ સરકારમાં લેવામાં આવેલા સકારાત્મક પગલાઓની અસર વિશે પણ વાત કરવામાં આવશે. આ સિવાય ભારતની આર્થિક કટોકટી અને અર્થતંત્ર પર તેની નકારાત્મક અસરો વિશે પણ પત્રમાં વિગતવાર ચર્ચા કરવામાં આવશે. આ શ્વેતપત્ર નવ ફેબ્રુઆરી અથવા ૧૦ ફેબ્રુઆરીએ ગૃહમાં રજૂ થઈ શકે છે.

## પંજાબ, હરિયાણા, હિમાચલ અને ઉત્તરાખંડમાં તીવ્ર ઠંડીનું એલર્ટ જારી

નવીદિલ્હી,

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે પવનને કારણે આજે ધુમ્મસમાંથી રાહત મળી છે. જોકે, પૂર્વોત્તર રાજ્યોમાં ધુમ્મસ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર મધ્ય પ્રદેશ, આસામ, મેઘાલય, મિઝોરમ, ત્રિપુરા, સબ હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં સવારે ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. આગામી ૪૮ કલાક દરમિયાન આ રાજ્યોમાં સવારના ધુમ્મસમાંથી રાહત મળવાની કોઈ આશા નથી.ઠંડા પવનોને કારણે દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં કડકડતી ઠંડી પડી રહી છે. હિમાચલ, દક્ષિણ હરિયાણા અને ઉત્તરાખંડ સહિત ઘણા રાજ્યોમાં સવારે હિમવર્ષા થઈ રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા-ચંદીગઢ, ઉત્તરાખંડના મેદાની વિસ્તારોમાં, ઉત્તર રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૪-૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું, જે સામાન્ય કરતાં ઓછું છે. કરનાલ (હરિયાણા)માં સૌથી નીચું લઘુત્તમ તાપમાન ૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન અરુણાચલ પ્રદેશ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં છૂટાછવાયા વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. કેટલીક જગ્યાએ હળવોથી મધ્યમ વરસાદ પણ પડી શકે છે.

દિલ્હી-એનસીઆરના લોકોને આજે સવારથી ગાઢ ધુમ્મસથી રાહત મળી છે. હવામાન વિભાગે આજે પણ દિવસ દરમિયાન ૨૦-૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આકાશ સ્વચ્છ અને સપાટી પરના પવનની આગાહી કરી છે. મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. બુધવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં ચાર ડિગ્રી ઓછું છે.તે જ સમયે, જમ્મુ-કાશ્મીરના લોકોને આજે પણ તીવ્ર ઠંડીથી રાહત મળી નથી. ખીણમાં મોટાભાગના સ્થળોએ લઘુત્તમ તાપમાન ઠંડકના બિંદુથી કેટલાક ડિગ્રી નીચે રહ્યું હતું. હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે દક્ષિણ કાશ્મીરમાં સ્થિત પહેલગામ ખીણ સૌથી ઠંડુ સ્થળ હતું. અહીં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૦.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉત્તર કાશ્મીરના ગુલમર્ગ સ્કીઈંગ રિસોર્ટમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૦.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અગાઉ તે માઈનસ ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ હતું. દક્ષિણ કાશ્મીરના કોકરનાગ અને કાઝીગુંડમાં લઘુત્તમ તાપમાન અનુક્રમે માઈનસ ૪.૩ ડિગ્રી અને માઈનસ ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### જાહેર નોટીસ

**મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

જન્મ/નોંધણી/અ.નં.૩૩ /૨૦૨૩

**અરજદાર : શ્રી નાયક રંગીતભાઈ દેવાભાઈ, રહે.જેથરીબોર, તા.લુણાવાડા, જી.મહીસાગર**

**વિરૂધ્ધ :**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રી કેળ**

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે ''**શ્રી નાયક રંગીતભાઈ દેવાભાઈ**'' એ તેમના પુત્ર નામે ''**નાયક પ્રવિણભાઈ રંગીતભાઈ**'' ની જન્મ સને ૦૧/૦૩/૨૦૧૭, બીજા પુત્ર નામે ''**નાયક રાહુલભાઈ રંગીતભાઈ**'' ની જન્મ તા.૨૦/૦૨/૨૦૧૮ ના વર્ષમાં મુ.જેથરીબોર, તા.લુણાવાડા, જિ.મહીસાગર મુકામે થયેલ હતું, તેવુ અમારી સમક્ષ જાહેર કરી જન્મ ની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

**હુકમથી સહી/-**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**પ્રાન્ત લુણાવાડા**

### જાહેર નોટીસ

**મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

જન્મ/નોંધણી/અ.નં. /૨૦૨૩

**અરજદાર : શ્રી પાંડોર વિક્રમભાઈ ભારતભાઈ, રે.ગુગલીયા, તા.લુણાવાડા, જી.મહીસાગર**

**વિરૂધ્ધ :**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રી કેળ**

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે ''**પાંડોર વિક્રમભાઈ ભારતભાઈ** એ તેમના પુત્રીઓ નામે **(૧) પાંડોર જમનાબેન વિક્રમભાઈ, (૨) પાંડોર સરસ્વતીબેન વિક્રમભાઈ (૩) પાંડોર ગંગાબેન વિક્રમભાઈ** ત્રણેય ની જન્મ સને ૧૬/૦૧/૨૦૨૨ના વર્ષમાં મુ.ગુગલીયા, તા.લુણાવાડા, જિ.મહીસાગર મુકામે થયેલ હતું, તેવુ અમારી સમક્ષ જાહેર કરી જન્મ ની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૦૭/૦૩/૨૦૨૪ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

**હુકમથી સહી/-**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**પ્રાન્ત લુણાવાડા**

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના ફતેપુરાના લાભાર્થીનું પાકા મકાનનું સ્વપ્ન સાકાર થયું



મહીસાગર,
કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ જન કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે ત્યારે લાખો જરૂરિયાતમંદ લાભાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેલી યોજના એટલે પ્રધાનમંત્રી આવાસ યોજના, આ યોજના થકી અનેક જરૂરિયાતમંદ લોકોનું પોતાના ઘરના ઘરનું સ્વપન સાકાર થયું છે જે અંતર્ગત મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના ફતેપુરાના રહેવાસી ભલાભાઈ રાયજીભાઈ પટેલીયા ને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો છે. ફતેપુરાના રહેવાસી ભલાભાઈ પટેલીયા ખેતી તથા પશુપાલન કરીને પોતાનું ઘર ચલાવે છે અને અગાઉ કાચા મકાનમાં રહેતા હતા. સરકાર ની યોજનાનો લાભ મળતા તેમણે ૦૨ રૂમ રસોડાનું પાકુ મકાન બનાવ્યું છે.

આ અંગે ખુશી વ્યકત કરતા લાભાર્થી ભલાભાઈ પટેલીયા એ જણાવ્યું કે, હું અને મારો પરિવાર પહેલા કાચા ઝુપડામાં રહેતા હતા, તેમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેમાં શિયાળામાં ઠંડી,ઉનાળામાં ગરમી અને ચોમાસામાં વરસાદ વાવાઝોડા થી ઘણી મુશ્કેલીઓ પડતી તેમજ અમારો વિસ્તાર ઝાડી ઝાંખરા થી ઘેરાયેલ હોય ઝેરી જાનવર નો પણ ભય કાયમ સતાવતો રાત્રે ઘણી વખત ઉજાગરા પણ કરવા પડતા સારૂં થજો આ સરકારનું કે જેણે અમારા જેવા ગરીબ ગ્રામીણો માટે રહેવાનું પાકું છત્ર આપ્યું. મને વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજી કરતાં મને મકાન બનાવવા રૂા. ૧,૨૦,૦૦૦/- ની સહાય મળી તેમજ મજૂરી પેટે ૧૬,૦૦૦ સહાય મળી.તે માંથી મે મારાં કાચા મકાન ની જગ્યાએ નવીન સુંદર પાકું ધાબાવાળું મકાન બનાવ્યું છે.હવે ઉપરોક્ત કોઇ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો નથી તેમજ આ મકાનમાં શૌચાલયની પણ સગવડ મળી છે

ભલાભાઈ પટેલીયાએ ઉમેર્યુ કે, મારા પરિવારમાં અમે ત્રણ સભ્ય છીએ. ખેતી તથા પશુપાલન કરીને પોતાનું ગુજરાન ચલાવું છું.સરકાર ની વિવિધ યોજનાનો લાભ પણ મળ્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ ની રકમ ડી.બી.ટી મારફતે સીધા મારા બેન્ક ખાતામાં રૂપિયા ૬૦૦૦ જમા થાય છે. તેમજ વાસમો યોજના અતર્ગત પાણીનું કનેક્શન પણ મને મળેલ છે. સરકાર દ્વારા આરોગય સાથે જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ પૂરી પાડી છે. જેથી મારા માટે પાકું મકાન બાંધવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મળેલી સહાયતા ખૂબ મહત્ત્વની છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર....

# સંતરામપુર પોલીસ વિભાગ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીના ધ્યાનમાં લઈને ડ્રાય હાથ ધરાઈ વાહન ચટણી કરવામાં આવ્યા



સંતરામપુર,
સંતરામપુર નગરના પોલીસ વિભાગ દ્વારા અલગ અલગ દિશાઓમાં પોલીસે ગુજરાત એસટી બસ ખાનગી વાહનો નાના મોટા વાહનો દરેક વાહનોને ફરજીયાત ચેકિંગ હાથ ધરવામાં આવેલું હતું. આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને દરેક વાહન ચેક કરવા માટેની આજરોજ ડ્રાય હાથ ધરવામાં આવી હતી. જેમાં હેલ્મેટ સીટ બેલ્ટ અને આરટીઓ નિયમોનું પાલન ના કરવામાં આવતા તમામ વાહન ચાલકોને ફરજીયાત દંડ પણ મુસલ કરવામાં આવેલો હતો. જેમાં આજરોજ મોટી સંખ્યામાં દંડ પણ વસૂલ કરવામાં આવેલો હતો. જ્યારે બીજી બાજુ આ અભિયાન તારીખ ૮ થી ૧૪ તારીખ સુધીનું દિવસભર વાહન ચેકિંગનું અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. બહાર આવતી તમામ વાહનો જ્યારે બસની અંદર દારૂ પીધેલી હાલતમાં મુસાફર અને અન્ય વ્યક્તિ પણ જો મળી આવે તો કેસ પણ ફરિયાદ કરવામાં આવશે. આ રીતે પોલીસ વિભાગ દ્વારા સંતરામપુરમાં સરકારી અને ખાનગી વાહનો ચેકિંગ શરૂ કરેલી હતી. બાહ્યાપુર ચોકડી પાસે પ્રતાપુરા વિસ્તાર બાયપાસ વિવિધ વિસ્તારોમાં પોલીસ વિભાગના કર્મચારી દ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું હતું.

# મહિસાગર મહિલા રાજપૂત સંગઠન દ્વારા સમૂહ લગ્નોત્સવ આયોજન કરવામાં આવ્યું



મલેકપુર
મહીસાગર મહિલા રાજપૂત સંગઠન દ્વારા મહીસાગર જીલ્લા માં પહેલી વાર સફળ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકીય આગેવાનો, સામાજીક આગેવાનો, મહારાજા, મહારાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ખૂબ ચીવટ અને પૂર્વ તૈયારી ની સાથે કરેલ સમૂહ લગ્નને સફળ બનાવવા પાછળ નો શ્રેય પ્રમુખ નીરૂબા સોલંકી તેમજ તેમની પૂરી ટીમને જાય છે. મહીસાગર જીલ્લા માટે સમૂહ લગ્ન એ પેહલો પ્રયાસ હતો, પરંતુ કોઈ પણ અવરોધ અને મુશ્કેલી વગર આ કાર્યક્રમ ને સફળ બનાવવા બદલ દરેક ટીમ તથા જેમના થકી આ કાર્ય શક્ય બન્યું છે. એવા દાતાઓ અને સમગ્ર આયોજનમાં મહાકાલ સેના મહીસાગરના (મહાકાલ સેના મહીસાગર) ભાઈઓએ જે સાથ સહકાર આપ્યો તે બદલ હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આવનાર સમયમાં પણ આપ અને આપણી ટીમ ખૂબ સફળતા પૂર્વક આવા કાર્યો કરતા રહે અને દરેક કાર્યમાં સફળતા મળતી રહે એવી પ્રાર્થના અને આવાં દરેક સમાજ હિતનાં સેવાકીય કાર્યોમાં ''મહાકાલ સેના મહીસાગર''નો સાથ સહકાર આ જ રીતે મળતો રહેશે.

# જીલ્લા ખેતીવાડી અધિકારી જીલ્લા પંચાયત કચેરી મહીસાગર ના રોજમદારને નિવૃત્તિ પછીના તમામ લાભો આપવા ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ થતા સરકારી વિભાગમાં ભૂકંપ અને પરિવારમાં આનંદ

ગોધરા,
પંચમહાલ જીલ્લાના ગોધરા મુકામે આવેલ જીલ્લા ખેતીવાડી અધિકારી જીલ્લા પંચાયત ગોધરા જે તે સમયે સરકાર દ્વારા જીલ્લાઓનું વિભાજન થતાં હાલ આ કચેરી જીલ્લા ખેતીવાડી અધિકારી જીલ્લા પંચાયત મહીસાગર ના નામથી ઓળખાય છે, તેનાના તાબા હેઠળની કચેરી ખેતીવાડી અધિકારી બેનર યોજના લુણાવાડા મુકામે તારીખ ૨૦/૧૯/૭૨થી રોજમદાર તરીકે ફરજ બજાવતા પટેલિયા ડાભાભાઈ મંગળભાઈ જેઓ ની નોકરીના દરમિયાન સરકારના તારીખ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર ના લાભોથી વંચિત રાખવામાં આવ્યા હતા જે બાબતે અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈનો સંપર્ક કરી તેમના દ્વારા પરિપત્રના મુજબના લાભો મેળવવા અને તે મુજબનું પગાર ધોરણ ચૂકવવા સંસ્થાના લાગતા અધિકારીઓને નોટીસ આપેલ પરંતુ તેનો કોઈ જવાબ ન મળતા ફેડરેશને મજુર અદાલત ગોધરા સમક્ષ પરિપત્ર મુજબના લાભો અને પગાર તફાવતની રકમ મેળવવા વિવાદ ઉપસ્થિત કરેલ જેવી વિવાદ ચાલી જતા અરજદારને પરિપત્રના લાભો આપવામાં ગોધરા મજુર અદાલત દ્વારા હુકમ કરવામાં આવેલ તે હુકમથી નારાજ થઈ સરકાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસસીએ નંબર ૧૪૬૪/૨૦ દાખલ કરેલ આ તમામ કાયદાકીય પ્રક્રિયાના સમય દરમિયાન અરજદારને તારીખ ૩૦/૮/૦૬ નિવૃત કરવામાં આવેલ અરજદારે કુલ ૩૪ વર્ષ જેટલી નોકરી કરવા છતાં તેઓને નિવૃત્તિના કોઈ લાભો આપવામાં આવેલ ન હતા. સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન અરજી વિવાદી કામે ફેડરેશનના એડવોકેટ દિપક આર. દવે તે કામે હાજર રહી કેસમાં પડેલા પુરાવા આધારિત બંને પક્ષકારોની દલીલો ધ્યાને લઈ તારીખ ૦૨/૦૨/૨૦૨૪ નારોજ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ મૌના એમ.ભટ્ટ અરજદાર પટેલિયા ડી.એમ. ને નિવૃત્તિની તારીખથી તેમને મળવાપાત્ર તમામ લાભો જેવા કે પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી બાકી નીકળતી રજાઓ તેમજ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના તફાવતની રકમ ચૂકવવાનો આખરી આદેશ કરતા સરકારી વિભાગમાં ભૂકંપ જ્યારે કામદાર આલમ તેમજ અરજદારના પરિવારમાં આનંદ છવાવ્યો છે.

# ઘોઘંબા તાલુકાની ભાણપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સરકારી કચેરીઓની મુલાકાતે



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકામાં આવેલી ભાણપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તાલુકામાં મથકે આવેલી તાલુકા પંચાયત કચેરીની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય દરમિયાન અભ્યાસક્રમમાં વહીવટી, ટેકનિકલ અને સમાજ ઉપયોગી વિવિધ કચેરીઓની જાણકારીનો સમાવેશ કરવામાં આવે છે . ઘોઘંબા તાલુકામાં ભાણપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે પ્રત્યક્ષ શિક્ષણ મેળવે તેવા હેતુથી શિક્ષકો દ્વારા તાલુકા પંચાયત કચેરીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓની મુલાકાત દરમિયાન તાલુકા વિકાસ અધિકારી એસ. એન. કોલચા તથા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ છેલુભાઇ રાઠવા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ વિભાગોની મુલાકાત લઇ તેઓને કામગીરી વિશે વાકેફ કર્યા હતા તથા સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓ વિશે સમજાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ખરેખર પુસ્તકના જ્ઞાન કરતાં તેઓને પ્રત્યક્ષ અને પ્રવૃત્તિ લક્ષી શિક્ષણ આપવામાં આવે તો હજુ પણ બાળકોના શિક્ષણ કાર્યમાં વધુ પડતો અસરકારક પ્રભાવ પડી શકે છે.

# મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દ્વારા ૯ મી ફેબ્રુઆરી રોજ નેશનલ લોક અદાલતનું આયોજન

મલેકપુર
રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓના ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દ્વારા તા.તા.૯/૩/૨૦૨૪ ને શનિવાર ના રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમાધાનલાયક કેસો જેવા કે, (૧)ફોજદાર સમાધાન લાયક કેસો(૨)નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧ ૩૮ના કેસો(૩)બેંક રીકવરીના કેસો (૪) અકસ્માત વળતરના કેસો (૫) મજુર ડીસ્ક્યુટના કેસો (૬)જમીન સંપાદનના કેસો (૭)ફેરફાર/ભાગલા/ભાડા બેંક વસુલાત/સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ (૮)વીજળી અને પાણીના બીલના કેસો (૯)પ્રિ-લીટીગેશનના કેસો (૧૦)ભરણ પોષણના કેસો અને કૌટુંબિક ઝઘડાના કેસોનો સમાધાન લાયક કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલો જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર મું.લુણાવાડા તથા મહીસાગર જીલ્લાની જે તે તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેનઓને સંપર્ક કરશો તેમ ફુલ ટાઈમ સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડાની અખબારી યાદીમાં જણાવાયુ છે.



**સંતરામપુર તાલુકાના રાણીજીની પાદડી ગામે આજુબાજુ ગામડામાં વીજ પુરવઠો આપવા માટે ટ્રાન્સપોર્ટેશન નીચેનું ફ્યુઝનું ઈલેક્ટ્રીક બોક્સ મૂકવામાં આવેલું હતું. આ બોક્સની અંદર વીજ પુરવઠો આપતી વખતે રોજ કાઢવાના અને મૂકવાના માટે મુકવામાં આવેલું હતું. પરંતુ ખુલ્લુ અને જમીનથી બિલકુલ નજીક હોવાના કારણે પસાર થતાં ગ્રામજનો બાળકો માટે અને મૂંગા પશુઓ માટે જોખમી કારક બનેલું છે. આવી બેદરકારીથી દુર્ઘટના પણ બની શકે છે. શોર્ટ સર્કિટ અને કરંટ લાગવાનો પણ ભયભીતી સિવાય રહેલ છે**

## આપની આજ.......

મેષ: આજનો દિવસ શુભ રહેશે. પ્રવાસનો યોગ છે. જો કે આ પ્રવાસ સામાન્ય રીતે ફાયદાકારક રહેશે. બપોરે ઉચ્ચ અધિકારી સાથેની ચર્ચાને કારણે કાયદાકીય પક્ષ નવો વળાંક લઈ શકે છે.

વૃષભ: આજે કાર્યક્ષેત્રમાં અધિકારી સાથે અથવા વ્યાવસાયિક ક્ષેત્રમાં બિઝનેસમેન સાથે તકરાર થઈ શકે છે. તમારી કાર્ય કુશળતાથી તમે દુશ્મનો પર જીત મેળવશો.

મિથુન: તમારા જીવનસાથીનો સહયોગ મળશે. વ્યાવસાયિક પ્રયત્નોથી સારું ફળ મળશે. નવા વ્યવસાયમાં આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આજે કોઈ પ્રિય વ્યક્તિને મળવાથી અને તેની હાજરીથી તમને આનંદ થશે.

કર્ક: દિવસ સારો છે, યુવાનો કે જેમણે હાલમાં જ પોતાની કારકિર્દી શરૂ કરી છે, તેઓને આજે તેમની ઓફિસમાં તેમની પ્રતિભા દર્શાવવાની તક મળશે. જો તમે સાહિત્ય અને કળાને પસંદ કરો છો તો તેમાં રુચિનો આજનો દિવસ છે. કાર્યક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે.

સિંહ: આજે રાજકીય કાર્યોમાં અડચણો આવશે. બપોરે કેટલાક નવા કામની રૂપરેખા બનાવવામાં આવશે. ધ્યાનમાં રાખો કે આજે તમને તમારી મહેનતના પ્રમાણમાં બમણો લાભ મળશે.

કન્યા: આજે તમારો અડધો દિવસ દાન કરવામાં ખર્ચ કરશો. બીજાને મદદ કરવામાં તમને જે આત્મ-સંતોષ મળે છે તેની તુલના અન્ય કોઈ આનંદ સાથે કરી શકાય નહીં.

તુલા: નોકરી અથવા ધંધામાં નવી ટેક્નોલોજીની માહિતી તરફ આપની રુચિ વધશે. એકંદરે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. આવક અને ખર્ચની સ્થિતિ પણ સંતુલિત રહેશે.

વૃશ્ચિક: આજે જીવનસાથી સાથે વૈચારિક મતભેદની સ્થિતિ બની શકે છે. તેથી તમારી વાણી પર નિયંત્રણ રાખો. કોઈપણ નિર્ણય લેતી વખતે ભાવનામાં વહેશો નહીં, કારણકે ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી નુકસાન થશે.

ધન: આજે મિશ્ર ફળદાયી દિવસ છે, સમાજમાં એક સારી છબી બનાવવામાં આવશે. ચાલુ કાર્યમાં સાવચેત રહેવું. પ્રમોશન માટેની તકો મળશે. આજે બપોર પછી તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

મકર: આજે કોઈ નવી ડીલથી અચાનક ધન લાભ થશે. પત્ની અથવા કોઈ બાળકની તબિયત અચાનક બગડવાના કારણે ઘરમાં તણાવ થઈ શકે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરતી વખતે અથવા ડ્રાઈવિંગ કરતી વખતે તણાવને તમારા પર વર્ચસ્વ ના થવા દો.

કુંભ: આજે તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણ હળવું કરી શકશો. આજે ઘણાં દિવસોથી ચાલતી મનની બેચેની શાંત થઈ જશે. તમે તમારા મનમાં આંતરિક શાંતિનો અનુભવ કરશો. વધારાની આવકના નવા સ્રોત દેખાશે. પ્રિયજનની મદદ કરવાને કારણે આજે તમને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

મીન: કોઈ મોટી સફળતાનો આનંદ મળશે. હાથમાં મોટી રકમ મેળવવામાં સંતોષ રહેશે. બપોરે વિરોધીઓને જીતવાની પ્રબળ સંભાવના છે. આ ઉપરાંત લાંબા સમયથી અટકેલા કામ પણ આજે પૂર્ણ થશે. સાંજનો સમય તમારા માટે ખૂબ સારો રહેશે. પરિવાર અને પત્ની સાથે ચાલી રહેલી ચર્ચા પણ સમાપ્ત થાય તેવી સંભાવના છે.

# વડાપ્રધાન મોદી જન્મજાત OBC નથી. CM બન્યા બાદ તેમણે પોતાની જાતિ બદલીને OBC કરી દીધી : રાહુલ ગાંધી





નવીદિલ્હી,
કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે પીએમ મોદી ઓબીસી કેટેગરીમાં જન્મ્યા નથી. તેમનો જન્મ ગુજરાતની તેલી જ્ઞાતિમાં થયો હતો. વર્ષ ૨૦00માં ભાજપે આ સમુદાયને ઓબીસીનો ટેગ આપ્યો હતો. વડાપ્રધાન મોદી જન્મજાત ઓબીસી નથી. સીએમ બન્યા બાદ તેમણે પોતાની જાતિ બદલીને ઓબીસી કરી દીધી.

તેમણે કહ્યું કે આ પીએમ મોદીનો જાતિ પર હુમલો છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે વડાપ્રધાન મોદી જન્મજાત ઓબીસી નથી. તેનો જન્મ 'સામાન્ય શ્રેણી'માં થયો હતો. મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે પોતાની જાતિ બદલીને ઓબીસી કરી. કોંગ્રેસ સાંસદે ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન આ વાત કહી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું, 'પીએમ મોદી ઓબીસી કેટેગરીમાં જન્મ્યા નથી. તેમનો જન્મ ગુજરાતની તેલી જ્ઞાતિમાં થયો હતો. આ સમુદાયને વર્ષ ૨૦00માં ભાજપ દ્વારા ઓબીસીનો ટેગ આપવામાં આવ્યો હતો. તેમનો જન્મ સામાન્ય જાતિમાં થયો હતો.રાહુલે કહ્યું કે પીએમ મોદી તેમના સમગ્ર જીવનમાં જાતિની વસ્તી ગણતરી કરવા દેશે નહીં કારણ કે તેઓ ઓબીસીમાં જન્મ્યા નથી, તેઓ સામાન્ય જાતિમાં જન્મ્યા છે.

કોંગ્રેસ સાંસદે વધુમાં કહ્યું કે, મોદીજી સંસદમાં કહે છે કે ઓબીસીની ભાગીદારીની જરૂર કેમ છે? હું ઓબીસી છું. સૌથી પહેલા હું તમને જણાવવા માંગુ છું કે નરેન્દ્ર મોદી ઓબીસી જન્મ્યા ન હતા. મોદીજીનો જન્મ તેલી જાતિમાં થયો હતો. તમે લોકોને ભયંકર રીતે મૂર્ખ બનાવવામાં આવી રહ્યા છો. ભાજપે વર્ષ ૨૦00માં તેમના સમુદાયને ઓબીસી બનાવ્યા અને તેઓ આખી દુનિયા સમક્ષ ખોટું બોલી રહ્યા છે કે હું ઓબીસીમાં જન્મ્યો હતો. મોદીજી ક્યારેય કોઈ ઓબીસીને ગળે લગાવતા નથી. તે કોઈ ખેડૂતનો હાથ પકડતો નથી.

રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે મેં જાતિ ગણતરી અને સામાજિક ન્યાયની વાત કરી તો પીએમ મોદીએ કહ્યું કે દેશમાં માત્ર બે જ જાતિઓ છે – અમીર અને ગરીબ. જો બે જ્ઞાતિ હોય તો તમે કઈ? તમે ગરીબ નથી! તમે કરોડોની કિંમતનો સૂટ પહેરો છો. દિવસમાં ઘણી વાર કપડાં બદલાય છે, પછી જૂઠું બોલે છે કે હું ઓબીસી વર્ગનો માણસ છું.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું અને કહ્યું કે શાસક પક્ષ પાસે બે મુદ્દાનો કાર્યક્રમ છે - અન્યાયને પ્રોત્સાહન આપવું અને નફરત અને હિંસા ફેલાવવી. રાહુલની 'ભારત જોડો ન્યાય યાત્રા' ઓડિશાથી છત્તીસગઢ પહોંચી હતી જ્યાં તેણે રાયગઢ જિલ્લાના રેંગલપલી ગામમાં એક જનસભાને સંબોધિત કરી હતી.ગુજરાતમાં સર્વેક્ષણ પછી મંડલ કમિશને ઈન્ડેક્સ ૯૧(છ) હેઠળ ઓબીસીની યાદી તૈયાર કરી હતી, જેમાં મોઢ ઘાંચી જાતિનો સમાવેશ થાય છે. ભારત સરકારે ગુજરાત માટે ૧૦૫ ઓબીસી જાતિઓની યાદી બનાવી છે. મોઢ ઘાંચી છે. ની યાદીમાં પણ સામેલ છે..."ગુજરાતમાં સર્વેક્ષણ પછી મંડલ કમિશને ઈન્ડેક્સ ૯૧(છ) હેઠળ ઓબીસીની યાદી તૈયાર કરી હતી, જેમાં મોઢ ઘાંચી જાતિનો સમાવેશ થાય છે. ભારત સરકારે ગુજરાત માટે ૧૦૫ ઓબીસી જાતિઓની યાદી બનાવી છે. મોઢ ઘાંચી છે. ની યાદીમાં પણ સામેલ છે..."સરકારે રાહુલ ગાંધીને એ પણ યાદ અપાવ્યું છે કે ઓબીસી સૂચિમાં પેટા-જૂથનો સમાવેશ કરવાની સૂચના ૨૫ જુલાઈ, ૧૯૯૪ના રોજ જારી કરવામાં આવી હતી, જ્યારે પીએમ મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું.સરકાર વતી, એવું કહેવામાં આવ્યું હતું કે ભારત સરકારની તારીખ ૪ એપ્રિલ, ૨૦00 ના નોટિફિકેશન મુજબ, તે જ પેટા-જૂથને ઓબીસી (સૂચિમાં) તરીકે સમાવવામાં આવ્યો હતો. જ્યારે બંને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા ત્યારે નરેન્દ્ર મોદી સત્તામાં ન હતા અને તે સમયે તેઓ કોઈ કાર્યકારી હોદ્દા ધરાવતા ન હતા. વડાપ્રધાનની જાતિ પર રાહુલ ગાંધીનો ટોણો એવા સમયે આવ્યો છે જ્યારે રાષ્ટ્રીય જાતિ ગણતરીને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. આ અઠવાડિયે રાહુલ ગાંધીએ નિવેદન આપ્યું હતું કે જો કોંગ્રેસ લોકસભાની ચૂંટણી જીતશે તો સર્વોચ્ચ અદાલત દ્વારા વસ્તી ગણતરી અને અનામત અંગેની ૫૦ ટકાની મર્યાદા દૂર કરવામાં આવશે. રાહુલ ગાંધીએ સોમવારે પીએમ મોદી પર પ્રહાર કરતા કહ્યું કે જ્યારે ઓબીસી દલિતો અને આદિવાસીઓને અધિકાર આપવાનો સમય આવે છે ત્યારે તેઓ કહે છે કે કોઈ જાતિ નથી, પરંતુ જ્યારે વોટ મેળવવાનો સમય આવે છે ત્યારે તેઓ પોતાને ઓબીસી ગણાવે છે.

પીએમ મોદીની જાતિ પર રાહુલના નિવેદન પર કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરે કહ્યું કે રાહુલ ગાંધીએ પહેલા જાતિ વિશે અભ્યાસ કરવો જોઈએ. તેઓ જાણતા નથી કે તેલી જાતિના લોકો કઈ શ્રેણીના છે. તેલી સમુદાયના લોકો ઓબીસી કેટેગરીમાં આવે છે અને વડાપ્રધાન મોદી પણ તે જ સમુદાયના છે. રાહુલ ગાંધીને દેશ વિશે, દેશના સમાજ વિશે કોઈ જાણકારી નથી.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દે.બારીયા પોલીસ મથકના કોન્સ્ટેબલએ PSI ઓળખ આપી છેતરપિંડી કરતાં કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી ધરપકડ કરાઈ

દાહોદ,

દાહોદ જીલ્લામાં ગઈકાલે ખાખીએ જ ખાખીને બદનામ કરતાં સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. જેમાં દેવગઢબારિયા પોલીસ મથકના પોલીસ કર્મચારીએ જ સાઈબર ક્રાઈમના ગુનામાં તપાસના કામે પીએસઆઈ તરીકેની ખોટી ઓળખ આપી મહિલા પોલીસ કર્મી તેમજ તેના વ્યવસાયે વકીલ પતિ પાસેથી બ્લોક કરાયેલા બેંક ખાતાને ફરીથી અનલોક કરવા માટે કરાવી ધમકાવી ૪ લાખ જેટલી માતબર રકમ ખંખેરી લેતા સમગ્ર બનાવ સામે આવ્યો છે. જેના પગલે પોલીસ સાયબર ક્રાઈમ થી બચવા માટે જન જાગૃતિના કાર્યક્રમ ચલાવી કોને જાગૃત કરવાનું કામ કરી રહી છે. આવા ગેરકાયદેસર પ્રવૃત્તિ વાળા તત્વો જે તમને ડરાવી ધમકાવી પૈસા પડાવવાના પ્રયાસો કરી રહ્યા છે. તેવા લોકો સામે બેખોફ પોલીસ ફરિયાદ કરવા માટે અપીલ કરી રહી છે. તેવા સંજોગોમાં મામલો સામે આવતા એક તરફ દાહોદ પોલીસ પણ કલંકિત બની હોય તેમ જોવાઈ રહ્યું છે. તો બીજી તરફ વાળ જ ચીભડા ગળતી હોય તો ફરિયાદ કોને કરવી? તે ઉક્તિ પણ અહિયાં સાર્થક થઈ રહી છે ત્યારે ઉપરોક્ત બનાવમાં રાજ્યની મહિલા પોલીસ કર્મી તેમજ તેના પતિ પાસેથી લાખો રૂપિયાની રકમ ખંખેરનાર પોલીસ કર્મી અનિલ સોલંકીએ ગેરકાયદેસર રીતે પી.એસ. આઈ. તરીકેની ખોટી ઓળખ આપી પૈસા પડાવવાના ખેલનો ખુલાસો સપ્ટેમ્બર માસમાં થઈ જવા પામ્યો હતો. ઉચ્ચ અધિકારીઓને આ બનાવની જાણ થતા પોલીસ અધિક્ષક ડોક્ટર રાજદીપસિંહ ઝાલાએ ઉપરોક્ત પોલીસ કોન્સ્ટેબલ અનિલ સોલંકીને સપ્ટેમ્બર માસમાં જ સસ્પેન્ડ કરી દીધો હતો. જે બાદ ભોગ બનનાર દંપતિએ તાજેતરમા દેવગઢબારિયા ખાતે આવી પોલીસ કર્મી વિરૂદ્ધ ફોજદારી ગુનો દાખલ કરાવ્યો હતો.

## ફરિયાદ દાખલ થયા બાદ સસ્પેન્ડેડ પોલીસ કર્મીની ધરપકડ કરી પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા

પી.એસ.આઈ તરીકે ખોટી ઓળખ આપનાર સસ્પેન્ડ કરાયેલા પોલીસ કોન્સ્ટેબલ અનિલ સોલંકી વિરૂદ્ધ તેના જ પોલીસ મથકમાં બોલો દાખલ થતા પોલીસે તેની દાહોદ ખાતેથી ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં તેના બે દિવસના રિમાન્ડ મજૂર કર્યા હતા. જે આજે પૂર્ણ થતા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવે છે કે પછી તેને જામીન મળે છે. તે તો કોર્ટ જ નક્કી કરશે.

## પોલીસ કોન્સ્ટેબલની એકલાની સંડોવણી, કે અન્ય કોઈની મદદગારીથી આ પ્રકરણને અંજામ આપવામાં આવ્યું?

ઉલ્લેખનીય છે કે, પી.એસ.આઈ તરીકે ખોટી ઓળખ આપી જેટલી માતબર રકમ પડાવનાર પોલીસ કોન્સ્ટેબલ અનિલ સોલંકીએ જ સમગ્ર કાંડને અંજામ આપ્યો હતો કે, પછી આ પ્રકરણમાં તેની સાથે અન્ય કોઈની સંડોવણી પણ છે. કારણકે આટલો મોટો કાંડ કોઈ ઉચ્ચ અધિકારીની જાણ વગર થાય તે શક્ય નથી. જોકે બમ બાબત પોલીસ તપાસનો વિષય છે. પોલીસની આબરૂ જાય તે માટે આ પ્રકરણમા ભીનું સંકેલે છે કે કેમ? તે ચર્ચાનો વિષય છે, પરંતુ પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલા ની કાર્ય પદ્ધતિને જોતા આ પ્રકરણમાં અન્ય કોઈની બહાર આવશે તો વિરોધ ચોક્કસ કાર્યવાહી થશે તે પણ કહેવું અસ્થાને નથી.

# ફતેપુરા તાલુકાના કરોડીયામાં ઘરના પાણી રસ્તે રેલાતાં રોકવા ૨૫ સોસ ખાડા બનાવાયા

દાહોદ,

ફતેપુરા તાલુકાના કરોડિયા ગ્રામ પંચાયત દ્વારા લોકોની સુખાકારી માટે પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. સરપંચ અને ડેપ્યુટી સરપંચ દ્વારા આવનાર સમયમાં ગામને વધુ સમૃદ્ધ બનાવવા તરફની પહેલ પણ કરવામાં આવી રહી છે. કરોડિયા ગ્રામ પંચાયત દ્વારા લોકોની સુખાકારી માટે હરિજનવાસ, રિલીફ કમિટી વિસ્તાર, આધાર મોલ તરફના નવીન રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. લોકોના ઘરના પાણીના નિકાલ માટે ૮ લાખના ખર્ચે ૨૫થી વધુ સોર્સ ખાડાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગામમાં ગંદકી ના થાય તે માટે



લોકોને ડસ્ટબિન આપી દિવસમાં ૨ વાર પંચાયતના સફાઈ કર્મીઓ દ્વારા સાફ-સફાઈ હાથ ધરી કચરાની વાન મારફતે કચરો કલેક્શન કરવામાં આવે છે. ગામમાં પાણી, સ્ટ્રીટ લાઈટ, લોકોને બેસવા માટે બાંકડાઓ જેવી પ્રાથમિક સુવિધાઓ પર ખાસ ધ્યાન અપાઈ રહ્યું છે. રજૂઆત છતાં રસ્તો બનાવાતો નથી. ગામમાં લોકોને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. ગામમાં ગંદકી ન ફેલાય તે માટે બે ટાઈમ સાફ-સફાઈ હાથ ધરી કચરો કલેક્શન કરવામાં આવે છે. આવનાર સમયમાં ગામમા આધુનિક સ્ટ્રીટ લાઈટ, સીસીટીવી કેમેરા, વેલકમ ટાવરથી સુશોભિત કરીશું. કરોડીયા ગામમાં માર્ગ અને મકાન સ્ટેટ વિભાગનો જે રસ્તો પસાર થાય છે તે તૂટેલો છે. જેના કારણે ગામમાં ખરાબ દેખાય છે. તંત્રમાં અનેક વખત રજૂઆત કરી છે. પરંતુ આ રસ્તા ના રિપેરિંગની કે નવિનિકરણની કામગીરી હાથ ધરવામાં આવતી નથી.

## ફતેપુરાના પાટવેલ ગામે ઝગડાની અદાવતે પાંચ વ્યકિત દ્વારા પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી પાંચ જેટલા ઈસમોએ એક વ્યક્તિની દુકાનમાં ઘસી આવી બે વ્યક્તિઓને પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૦૭ ફેબ્રુઆરીના રોજ ફતેપુરા તાલુકાના બારસાલેડા ગામે માળી ફળિયામાં રહેતાં સુરેશભાઈ વિરાભાઈ કટારા, સંજયભાઈ હકલાભાઈ કટારા, પ્રદિપભાઈ મખાભાઈ કટારા, સોમાભાઈ ચીમનભાઈ કટારા અને પીન્ટુભાઈ ચીમનભાઈ કટારાનાઓ પાટલેવ ગામે ચોકડી પાસે આવેલ રાજેશભાઈની દુકાને આવી બેફામ ગાળો બોલતાં હતાં બારસાલેડા ગામે માળી ફળિયામાં રહેતાં પંકજભાઈ ચંપકભાઈ કટારા આવ્યાં હતાં અને ઉપરોક્ત ઈસમોને ઝઘડો તકરાર ન કરવા તેમજ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત પાંચેય ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી પંકજભાઈ તથા રાજેશભાઈની માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત પંકજભાઈ ચંપકભાઈ કટારાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદની વિદ્યાર્થિની Phd. ની પદવી પ્રાપ્ત કરી



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદની વિદ્યાર્થીની હિતાક્ષી મૈસૂરિયા જેઓએ ''ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ખેલાડીનો શરીર પરિમીત, માનસિક સ્વાસ્થ્ય અને રમત ચિંતાનો તુલનાત્મક અભ્યાસ'' વિષય પર મહાશોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. જે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા સ્વીકારીને પીએચ.ડી. ની પદવી એનાયત કરેલ છે. આ વિદ્યાર્થીની શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ.વી.જે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પદવી મેળવેલ છે. નવજીવન સાયન્સ કોલેજમાંથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પ્રથમ વિદ્યાર્થીની છે. જેને પી.એચ.ડી.ની પદવી મળેલ છે. આ પ્રસંગે સંસ્થા તેમજ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે. ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

## દાતા તાલુકાના અંબાજી ગામની પરણિતા અને દાહોદની યુવતિને શારીરિક માનસીક ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દહેજ લાલચુ પતિ તથા સાસુસસરા દ્વારા બાપના ઘરેથી લોન ભરવા માટે પાંચ લાખ રૂપિયા લઈ આવવા દબાણ કરી વાળ પકડી મારકુટ કરી છુટાછેડા આપી દેવાની ધમકી આપી ગુજારાતા શારીરીક અને માનસીક ત્રાસથી વાજ આવેલ અંબાજી ગામની ૩૬ વર્ષીય પરણીત મહિલાએ ન્યાયની દાદ માટે દાહોદ મહિલા પોલીસનું શરણું લીધાનું જાણવા મળ્યું છે.

દાહોદ શહેરના ગોધરારોડ, સિદ્ધાશવ્રી સોસાયટીમાં રહેતા ઉમાશંકરસિંહ પ્યારે મોહનસિંહ ક્ષત્રીયની દીકરી ૩૬ વર્ષીય પ્રિયંકાબેનના લગ્ન તા.૨૪-૧૧-૨૦૧૬ના રોજ તેમના સમાજના રીત રિવાજ મુજબ બનાસકાંઠા જીલ્લાના દાતા તાલુકાના અંબાજી ગામે શક્તિધારા સોસાયટી, ચામુંડા ધર્મશાળા પાછળ રહેતા પ્રેમસિંહ ગંગાસિંહ જાદોનના દીકરા યશવંતસિંહ પ્રેમસિંહ જાદોન સાથે થયા હતા. લગ્ન પછીના બે વર્ષ તો પ્રિયંકાબેનને તેના પતિ તથા સાસરીયાઓએ સારૂ રાખ્યું હતું. ત્યારબાદ તેના પતિ યશવંતસિંહ, સસરા પ્રેમસિંહ જાદોન તથા સાસુ વીણાબેન પ્રેમસિંહ જાદોનનું પોત પ્રકાશ્યું હતું અને પતિ યશવંતસિંહ લોન ભરવા માટે વીણાબેનને તેના બાપના ઘરેથી રૂપિયા પાંચ લાખ લઈ આવવા દબાણ કરવા લાગ્યો હતો અને દહેજની માંગણી કરી મારકુટ કરવા લાગ્યો હતો. જ્યારે તેના સસરા પ્રેમસિંહ તથા સાસુ વીણાબેનને પ્રિયંકાબેનને તારા પિતાએ દહેજમાં કંઈ આપેલ નથી. તેમ કહી સારીરીક અને માનસીક ત્રાસ આપતા હતા અને પ્રિયંકાબેનને પતિ યશવંતસિંહ ગત તા. ૩૦-૧- ૨૦૨૪ના રોજ વાળ પકડી પ્રિયંકાબેનને મારમારી છુટ્ટાછેડા આપવાની તેમજ જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી શારીરીક અને માનસીક ત્રાસ આપતા પતિ અને સાસુ-સસરા વિરૂદધ દાહોદ મહિલા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈપિકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાકલમ ૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં કોપીરાઇટના ગુનામાં વેપારીનો કોર્ટમાં નિર્દોષ છુટકારો

દાહોદ,

દાહોદમાં ગારમેન્ટની દુકાન ધરાવતા વેપારીને પાંચ વર્ષ અગાઉ નામાંકીત કંપની દ્વારા ડુપ્લીકેટ પ્રોડક્ટ વેચવા બદલ દાહોદની નામદાર કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જેમાં વેપારીની તરફે એડવોકેટ એલ.આર.સિંધીની ધારદાર દલીલોને ધ્યાને લઈ કોર્ટે વેપારી તરફે ચુકાદો આપી વેપારીને નિર્દોષ છોડી મૂક્યા હોવાનું જાણવા મળેલ છે.

દાહોદ શહેરના દોલતગંજ બજારમા કાપડ અને હોજીયારી દુકાન ધરાવતા નારાયણદાસ ગુલચંદ પામનાની ઉપર ૨૦૧૮માં લક્ષ કંપની દ્વારા ડુપ્લીકેટ જાગીયા વેચવા અંગે દાહોદની નામદાર કોર્ટમાં ઈન્ડિયન પીનલ કોડ ૪૮૬ તેમજ કોપીરાઈટ એક્ટની કલમ ૫૧ તથા ૬૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ એડીશનલ મેજીસ્ટ્રેટ વી.કે.ચારણની કોર્ટમાં ચાલી જતા એડવોકેટ એલઆરસી સિંધીની ધારદાર દલીલને ધ્યાને લઈ આરોપીને દાહોદની નામદાર કોર્ટે વેપારીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે.

# ગરબાડા તાલુકામાં MGVCLએ વીજ બીલ બાકી હોય તેવા ૧૨ કનેકશન કાપવામાં આવ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકામાં લાંબા સમયથી લાઈટ બીલ ન ભરતાં લોકો સામે એમજીવીસીએલ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ૦૨ દિવસમાં ૧૨ જેટલા વીજ કનેક્શન કાપવામાં આવ્યાં છે અને રૂા.૦૧.૦૫ લાખની રિકવરી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આમ, તો કહેવાય છે કે માર્ચ મહિનો એ લાંબા સમયથી લાઈટ બિલ ન ભરતા લોકો સામે હિસાબી મહિનો ગણવામાં આવે છે અને સરકાર દ્વારા બાકી રહેલી રકમની વસુરાલ કરવામાં આવતી હોય છે. ત્યારે ગરબાડા નગરમાં એમજીવીસીએલ દ્વારા લાઈટ બિલ ન ભરતા લોકો સામે લાલ આંખ કરી હોય તેમ જોવા મળી રહ્યું છે. ગરબાડા એમજીવીસીએલ દ્વારા છેલ્લા ૪ દિવસ અગાઉ ગરબાડા નગર સહિત આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી બાકી રહેલ લાઈટ બિલ ૪ દિવસમાં ભરવા માટે લોકોને રેડિયો મારફતે સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં ગત તારીખ ૭ ફેબ્રુઆરીથી ગરબાડા નગરમાં એમજીવીસીએલ દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો હતો અને ગરબાડા નગરના વણકરવાસ, રોહિત વાસ, આઝાદ ચોક,સહિત ઘાંચીવાડ, વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી લાઈટ બિલ ન ભરતા તેમજ વધુ લાઈટ બિલ રકમ બાકી હોય તેમના કનેકશન એમજીવીસીએલ દ્વારા કાપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એમજીવીસીએલ દ્વારા છેલ્લા ૨ દિવસમાં ૧૨ કરતાં વધુ કનેક્શન કાપી. દોઢ લાખથી વધુ રિકવરી કરી હોવાની માહિતી પ્રાથમિક તબક્કે પ્રાપ્ત થઈ રહી છે.

## દે.બારીયા શહેરમાં સબે મેસરાજની ઉજવણી કરવામાં આવી હતી

દે.બારીયા,

દે.બારીયા શહેરના કસ્બા સુન્નીજામા મસ્જીદ, મદીના મસ્જીદ ધાનપુર રોડ તથા રઝા જામા મસ્જીદ, કાજી મોહલ્લા, કાપડી સબે મેસરાજની વિશેષ નવાફીલ નમાઝનું રાત્રીમાં આયોજન થાય છે. સાથે સાથે સબે મેસરાખની મહિમા સમજાવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીયા શહેરના સુન્ની મુસ્લીમોના દ્વારા સબે મેસરાજ રજજબના ૨૭મી રાત્રીએ આવે છે. એટલે તા.૦૭/૦૨/૨૦૨૪ના બુધવારના રોજ રાત્રી મોહમંદ પયગંબર ઉમ્મેહાનીના ઘરે આરામ કરતા હતા. એક દેવદુતના દ્વારા બોલાવી અલ્લાહના દીદાર માટેનું પ્રસંગનું પવિત્ર કુર્આનમાં વર્ણન આ મુજબ છે. તરજૂમા :-પાકી હૈ ઉસે જો અપને બંદે કો રાતો રાત લે ગયા, મસ્જીદે હરામ સે મસ્જીદે અકસા તક જીસ્કે ર્ગિદો ગર્દ હમને બરકત રખ્ખી હૈ કી હમ ઈસે અપની અઝીમુસ્સાન નિશાનીયા દિખાએ બેશક વોહ સુનતા વ દેખતા હૈ.

અત્રે ઉલ્લેખનિય છે કે, સૌ પ્રથમ દુનિયામાં હાડની સર્જરી ૧૪૦૦ વર્ષ સમયે ઉમ્મે હાનીના ઘરે મોહમંદ આરામમાં હતા. તે સમયે જીબ્રઈલ દેવદુત અલ્લાહ એ મોકલ્યા હતા. (ઝમઝમ) પવિત્ર પાણીના ઝરણા પાસે લાવીને આપની હાર્ટ સર્જરી કરીને ઝમઝમના પાણીથી પવિત્ર કરી હાર્ટવાળા વ્યકિતને દેવલોક લઈ જવા લાયક પવિત્ર કરીને જન્નતી બુરાક પર સવાર કર્યા જેની સ્પીડ પ્રકાશ વર્ષ કરતા પણ ડબલ આંકવામાં આવે છે.

અહીંયા ખાસ કહેવું આપણા પ્રિય ભારત દેશ એ ચંદ્રયાન સફળતા માટે પ્રયાસો સાથે અખતરા જારી રાખીને ચંદ્ર ઉપર ભારતનો ત્રિરંગો લહેરાવવવા માટે દિવસો દુર નથી. ૧૪૦૦ વર્ષ પહેલા દેવદુત થકી દેવલોકમાં મોહમંદ ને બોલાવવામાં આવ્યા હતા. તે અંગેની દીવ્ય દ્રષ્ટિ શાસ્ત્રોની પુસ્તકો માંથી સાબિત થાય છે. સબ મેસરાજની રાત્રે નમાઝરૂપી તોફો ઉમ્મત માટે લાવ્યા હતા. સબે મેસરાજની રાત્રીમાં તમામ મુસ્લિમો વિશેષ ઈબાદત કરીને ઉજવણી કરતા હોય છે.

## દાહોદ જીલ્લા આરોગ્ય કર્મચારીઓ દવારા રેલ્વે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ,

લોકોમાં જન જાગૃતી આવે તે હેતુસર રમત ગમત જીવનમા કેમ અગત્યનું છે, તેમજ આજની જીવન શૈલીમાં રમત ગમતના માધ્યમ દવારા પણ બિન ચેપી રોગો સામે સલામતી મળી શકે છે, તેમજ આરોગ્યના વિવિધ પ્રોગ્રામો અંતર્ગત જન જાગૃતિ આવે તે માટે સહભાગી થયેલ તમામ આરોગ્ય ટીમોના નામ પ્રોગ્રામ પરથી જ આપવામાં આવ્યા છે. જેથી કરીને તમામ લોકોમાં આરોગ્યના તમામ પ્રોગ્રામોની જન જાગૃતિ આવે.

આ ક્રિકેટ ટુર્નામિન્ટ ના આયોજનમાં દાહોદ જીલ્લા ના તમામ તાલુકાઓ માંથી આરોગ્ય કમેચારીઓ અને અધિકારીઓ સયુંકત રીતે સહભાગી થઈ ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટુર્નામિન્ટ તા.૦૮/૨/૨૦૨૪ થી ૧૮/૦૨/૨૦૨૪સુધી ચાલશે. જેમાં પુરૂષ કર્મચારીઓના કુલ ૦૫ ગ્રુપની અંદર ૨૦ ટીમોએ ભાગ લીધો. જ્યારે મહિલા કર્મચારીના કુલ ૦૨ ગ્રુપ દવારા ૦૬ ટીમોએ ભાગ લીધેલ છે. આજની પ્રથમ મેચ IDSP ઈલેવન અને PMJAY ઈલેવન વચ્ચે શરૂઆત કરવામાં આવી. જેમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.ઉદય ટીલાવત દવારા ટોસ ઉછાળીને પ્રારંભ કરાવવામાં આવ્યો. તમામ આરોગ્ય કર્મચારીઓ/અધિકારીઓને પ્રોત્સાહિત કર્યા હતા. લોકોમાં તમામ પ્રોગ્રામ ની જન જાગૃતિ આવે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આવતીકાલે સિકલ સેલ ઈલેવન અને ટીબી લેપ્રસી ઈલેવન વચ્ચે રમાશે ૧૮મી તારીખે ફાઈનલ મેચ રમાડવામાં આવશે તમામ મેચનો સ્કોર ઑનલાઈન ક્રીક હીરોસ એપ્લિકેશન પર જોઈ શકશો.

## ફતેપુરાના કરોડીયા ગામે વીજપોલ ઉભો કરતી સમયે પાણીની લાઈનમાં ભંગાણ થતા પાણીનો વેડફાટ



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના કરોડીયા ગામે એમ.જી.વી.સી.એલ. દ્વારા પાણીની પાઈપ લાઈન પર ખાડો ખોદી વીજપોલ ઉભો કરી દેતા પાણી લાઈનમા ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ થતા લોકોમા રોષ ફેલાયો હતો. કરોડીયા ગામે ચાર દિવસ અગાઉ એમ.જી.વી.સી.એલ. દ્વારા વીજપોલ ઉભો કરવા માટે ખાડો ખોદવામા આવ્યો હતો, પરંતુ જે ખાડો ખોદવામા આવ્યો હતો. તે ભાણાસીમલ પાણીની પાઈપ લાઈન પર ખોદવામા આવ્યો હતો અને એમ.જી.વી.સી.એલ. કર્મચારીઓ બેદરકારી દાખવી ત્યાં વીજપોલ પણ ઉભો કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે પાણીની પાઈપ લાઈનમાં લીકેજ થતા છેલ્લા ચાર દિવસથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જેના કારણે છેલ્લા ચાર દિવસથી ભાણાસીમલ પુરવઠા જૂથ યોજનાની પીવાના પાણીની લાઇનમાં ભંગાણ પડ્યું છે. જેના કારણે જાહેર રસ્તા ઉપર પીવાના પાણી રેલાતુ હોવાથી અમૂલ્ય પાણીનો વેડફાટ થઇ રહ્યો છે. ગ્રામજનોએ તંત્ર રજુઆત કરવા છતા પાણીની લાઇનના ભંગાણનું સમારકામ કરવા માટે કોઇ કામગીરી કરવામા આવી નથી. લાઈનમાં પડેલ ભંગારના કારણે નજીકમાં આવેલ ખેતરમાં પાણી ભરાતા ખેતર જાણે તળાવ બન્યું હોય તેમ લાગી રહ્યું છે. તંત્ર દ્વારા આ પાઈપ લાઈનનું સમારકામ તાત્કાલિક કરવામા આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

## દે.બારીયાના પંચેલા ક્રોસીંગ આગળ ટ્રક ચાલકે એસ.ટી. બસથી ટક્કર મારતા મુસાફરોને ઓછી વધતી ઈજાઓ

દાહોદ

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પંચેલાગામે ક્રોસીંગ આગળ હાઈવે રોડ પર પુરપાટ દોડી આવતી ટ્રકે એસટી બસને ટક્કર મારી દેતાં એસટી બસને ખાલી સાઈડના આગળના ભાગે નુકશાન થયાનું તથા બસમાં બેઠેલ પેસેંજરોને ઓછી-વત્તી ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

એક ટ્રક ચાલક તેના કબજાની જીજે-૦૯ વાય-૭૪૦૭ નંબરની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી પંચેલા ગામે ક્રોસીંગ આગળ હાઈવે પર સામેથી આવી રહેલી જીજે-૧૮ ઝેડ ૮૧૧૩ નંબરની એસટી બસને ટક્કર મારી પોતાની ટ્રક સ્થળ પર મૂકીને નાસી જતાં એસટી બસની ખાલી સાઈડના આગળના ભાગે નુકશાન થવા પામ્યું હતું. જ્યારે ખાલી સાઈડના આગળના ભાગે બસમાં બેઠેલા પેસેંજરોને શરીરે ઓછી વત્તી ઈજાઓ થવા પામી હતી.

આ સંબંધે એસટી બસના ચાલક બોડાડુંગર ગામના મનુભાઈ મરસુભાઈ નિસરતાએ નોંધાવેલ ફરિયાદને આધારે ઈપિકો કલમ ૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા એમવી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) લાભાર્થીએ વર્ણવ્યા પોતાના પ્રતિભાવો

દાહોદ,

રાજયના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તેમજ સૌને સમાન વિકાસની તક મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. દાહોદ જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના થકી નાગરિકોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. દાહોદ જીલ્લાના દાહોદ તાલુકાના સાકરદા ગામના ધર્મેન્દ્રભાઈ ભાવસિંગભાઈ ઢાકીયા જણાવે છે કે, પહેલા અમે લોકો કાચા નળિયા વારા મકાનમાં વસવાટ કરતા હતા. જેને કારણે ચોમાસા દરમિયાન અમારા મકાનમાં પાણી પડતા અનેક હાલાકીઓ વેઠવી પડતી હતી. સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતા અમારૂં પાક્કું મકાન બન્યું છે. જેમાં મને રૂ.૧,૨૦,૦૦૦ સહાય મળી છે. પાકું મકાન બનવાથી મારો પરિવાર આનંદથી રહે છે. જેના માટે હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનુ છું.

# દાહોદ શહેર જીલ્લાભરમાં હવેથી દ્વિચક્રી વાહન ચાલકો તેમજ પાછળ બેસેલા વ્યક્તિને હેલ્મેટ પહેરવું ફરજીયાત બન્યું

દાહોદ,

દાહોદ જીલ્લામાં માર્ગ અકસ્માતના બનાવો દિન પ્રતિદિન વધવા પામ્યા છે. જેના પગલે દાહોદ જીલ્લા પોલીસ તંત્ર તેમજ આર.ટી.ઓ. વિભાગ ગંભીર બન્યો છે. પોલીસ તેમજ આર.ટી.ઓ વિભાગના અંતરીક સર્વેમાં પણ મોટાભાગના માર્ગ અકસ્માતના બનાવોમાં હેલ્મેટ ન પહેર્યો હોવાના કારણે મૃત્યુદર વધવાના ચોકાવનારા આંકડા સામે આવ્યા છે. જેના પગલે પોલીસ તંત્ર તેમજ આર.ટી.ઓ. વિભાગ દ્વારા દ્વીચક્રી વાહન ચાલકો સામે નવેસરથી ગાઈડ લાઈન બહાર પાડી છે જેમાં હવેથી મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૨૯ મુજબ દાહોદ જીલ્લામાં તમામ દ્વિચક્રી વાહન ચાલકો તેમજ વાહનોની પાછળ બેસેલા વ્યક્તિને હેલ્મેટ પહેરવો ફરજીયાત રહેશે. જો કોઈપણ વાહન ચાલક અથવા પાછળ બેસેલો વ્યકિત હેલ્મેટ વગર જોવા મળશે તો તે વાહન ચાલકનું લાઈસન્સ ત્રણ માસ માટે રદ કરવામાં આવશે. ત્યારબાદ એ વાહન ચાલક નું લાયસન્સ ભરત થયેલું હશે અને તે ફરીથી વગર વાહન ચલાવતો પકડાશે તો તેનું લાઈસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવશે અને એકવાર લાયસન્સ રદ થયા બાદ નવેસરથી વાહન ચાલકનું લાયસન્સ ઈસ્યુ થશે નહીં. તેવા પ્રકારની કાર્યવાહી મોટર વાહન એકટ અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૨૯ મુજબ કાર્યવાહીનો સામનો કરી શકે છે.જેથી દાહોદ શહેર જીલ્લાભરમાં વસવાટ કરતાં દ્વીચક્રી વાહન ચાલકોને હવેથી પણ ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું પડશે નહીંતર પોલીસ કાર્યવાહીનો કરવાનો વારો આવી શકે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.142

# DSOએ રાત્રીએ પંચમહાલનો શંકાસ્પદ સરકારી અનાજ જથ્થો વડોદરા પાલડીની શ્રીજી એગ્રો ઇન્ડસ્ટ્રીઝમાથી ઝડપ્યો






ગોધરા,

ગરીબોના હકનું સરકારી અનાજ સગેવગે કરનાર પંચમહાલ જીલ્લાના કેટલાક કૌભાંડી દુકાન સંચાલકો સામે પુરવઠા તંત્રએ સકંજો બોલાવતા હવે અવનવી યુક્તિ પ્રવૃત્તિઓથી ચોરી છુપી પડોશી જીલ્લામાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરી વેપલો કરવા અનાજ માફીયાઓ સક્રિય બન્યા છે ત્યારે સતર્ક પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારીની ટીમે ગત રાત્રીએ વડોદરા જીલ્લાના વાઘોડિયા પાલડી સ્થિત શ્રીજી એગ્રો ઇન્ડસ્ટ્રીઝમાં પહોંચીને ઓચિંતો છાપો મારીને શંકાસ્પદ અનાજ જથ્થાની તપાસ હાથ ધરવામાં આવતા બે નંબરીયા દુકાનદારો અને મિલ માલિકોમા ફફડાટ સાથે દોડધામ મચી ગઈ હતી.દરોડામા પ્રાથમિક ચકાસણીમા ૧૨૬૧ કિવલ્ટન જથ્થો ઘટ હોવાનું બહાર આવતાંની સાથે પાડેલા દરોડાના પગલે ઊંઘતું ઝડપાયેલ સ્થાનિક પુરવઠા તંત્ર પણ સ્થળ ઉપર દોડી આવ્યું તથા સરકારી અનાજના કાળાબજાર થતાં હોવાને લઈને ગંભીરતાપૂર્વક રાત્રિએ જ ગાંધીનગર ટીમે દોડી આવી આ કૌભાંડ પ્રકરણ હાથમાં લઈ મેળાવણુ, નમૂના લઈ કયાંથી આવ્યો, કોણે જથ્થો મોકલ્યો અને કેટલો જથ્થો છે તેની તલસ્પર્શી તપાસ આદરવામાં આવતા રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો સાંપડ્યા છે.... પંચમહાલ જીલ્લામાં રહેતા અસંખ્ય ગરીબ પરિવારોને બે ટંકનું ભોજન મળી રહે તે હેતુથી સરકાર દ્વારા રાહતદરે અનાજ વિતરણ કરવામાં આવે છે તથા વિવિધ યોજના હેઠળ પણ મફત જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી પંચમહાલ જીલ્લાના વિવિધ વિસ્તારોમાં આવેલા કેટલાક દુકાન સંચાલકો પોતે અનાજ માફીયાઓ બનીને સરકારી અનાજનો કાળા બજાર કરી હક લાભથી લાભાર્થીઓને વંચિત બનાવી રહ્યા છે. અવારનવાર ઉગ્ર રજૂઆત કરવા છતાં જવાબદારો દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા કાળા બજારીઓ બેફામ બન્યા હતા, પરંતુ જયારથી જીલ્લા પુરવઠા અધિકારી તરીકે હરેશ મકવાણાએ ચાર્જ લેતાની સાથે ખૂબ કાબેલિયતથી છેલ્લા ચાર માસથી રાત દિવસ જોયા વગર સમગ્ર વિસ્તારોમાં ફરી ફરીને લાભાર્થીઓને લાભ પુરતા પ્રમાણમાં મળી રહે તેવા અથાગ પ્રયત્નો વચ્ચે દુકાનોમાં આકસ્મિક દરોડો, દુકાન સીલ કરવી, દંડનીય રકમ જેવી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાના પગલે સંચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. તંત્રના આવા આકરાં કડક પ્રયત્નો વચ્ચે પણ હજુય કેટલાક કાળા બજારીયાની ટેવ ન ભૂલનાર સંચાલકો હવે નવો માર્ગ અપનાવીને સ્થાનિક બજારો કે મિલોમાં સરકારી અનાજ પધરાવી દેવાના બદલે પડોશી જીલ્લામાં પગ પેસારો કરીને યથાત્વ રીતે પોતાનો અનાજના કાળા બજારનો ધંધો ધમધોકાર કરવાની યુક્તિ અજમાવી રહ્યા છે અને ગરીબોની જઠરાગ્નિની ઠારવાના બદલે પોતેજ સરકારી અનાજ ઓહિયા કરીને બે નંબરી નાણા કમાવાનો કિમીયો અજમાવાઈ રહ્યો છે. પંચમહાલ જીલ્લાના જ ચોક્કસ દુકાન સંચાલકોની ગેંગ જ પડોશી જીલ્લામાં સક્રિય બની છે. તેના ભાગરૂપે મળેલી બાતમીના આધારે અન્ય કામો પડતા મૂકીને જીલ્લા પુરવઠા અધિકારી હરેશ મકવાણા અને હાલોલ મામલતદારની ટીમે પૂરપાટ ઝડપે પહોંચી પડોશી જીલ્લા વડોદરાના વાઘોડિયા તાલુકામાં આવેલ પાલડી ગામ સ્થિત શ્રીજી એગ્રો ઇન્ડસ્ટ્રીમાં ગત રાત્રીએ જ અચાનક દરોડો પાડવામાં આવતા મિલ સંચાલકોમાં નાસભાગ મચી ગઈ હતી અને અનાજ માફીયાઓ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. અહીં મિલમાં મુકાયેલા શંકાસ્પદ સરકારી અનાજના જથ્થા અને વેચાણ તથા હિસાબ કિતાબ તથા નમૂના લેવામાં આવતા મેળાવણુ કરતાં પ્રાથમિક ચકાસણીમા ગણતરી બાદ ૧૨૬૧ કિલન્ટનની ઘટ વર્તાતા તપાસ ટીમ ચોંકી ઉઠી હતી તો બીજી તરફ પડોશી જીલ્લા પંચમહાલ પુરવઠા અધિકારીએ પાડેલા છાપાના કારણે સ્થાનિક વડોદરા જીલ્લા પુરવઠા તંત્ર ઊંઘતું ઝડપાયું હતું અને આ તપાસ અંગેની જાણ કરવામાં આવતા સ્થાનિક વડોદરા તંત્ર પણ હાંફતુ ફાંકતુ સ્થળે આવી પહોંચ્યું હતું. સાથે સાથે શંકાસ્પદ અનાજની કાળા બજારમાં અને મિલોમાં ગેરકાયદેસર ઘૂસણખોરી માટે બે રોકટોક હેરાફેરી પડોશી જીલ્લામાં થતી હોવાની ગંભીરતા પૂર્વક સમજીને ગાંધીનગર તંત્રની ટીમ રાત્રિના સમયે જ સ્થળ ઉપર દોડી આવીને સમગ્ર અનાજ કૌભાંડની તપાસમાં જોતરાયું હતું અને આ આ જથ્થો કોનો છે ક્યાંથી આવ્યો છે. કેટલો છે વગેરેની તલસ્પર્શતી તપાસ હાથ ધરવામાં આવી હતી અને આખરી તપાસ બાદ જો કસુરવાર નિવડે તો ફોજદારી કેસ દાખલ કરીને શિક્ષાત્મક કાર્યવાહી માટે તંત્ર સજ્જ બન્યું છે. આમ, પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી હરેશ મકવાણાની સતર્કતા અને પ્રામાણિકતાના કારણે જીલ્લાની સરહદ વટાવીને પંચમહાલ જીલ્લામાં ફાળવણી કરવામાં આવતા સરકારી અનાજનો મસમોટો જથ્થો ગેરકાયદેસર વડોદરા જીલ્લામાં પહોંચાડીને વેપલો થકી રોકડી કરી લેવાતો હોવાના વધુ એક સુવ્યવસ્થિત કૌભાંડનો પર્દાફાશ કરવામાં સફળતા મળતા રાજ્ય સરકારે તેઓની કામગીરી બિરદાવાતા અન્ય દુકાનદારો તથા મિલ માલિકોમાં ફફડાટની લાગણી છે.

# ગોધરા તાલુકામાં પાસ પરમીટ વગર લાકડા ચોરોના વાહનોની ભારે હેરાફેરી ફોરેસ્ટ વિભાગ મૂક પ્રેક્ષક



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના સ્ટેટ હાઈવે ૧૫૫ માં છારીયા ગામ પાસે પાસ પરમીટ વગરના લાકડાવાળાઓ રોજની ૫૦થી વધારે ગાડીઓ જતી હોય પણ ખબર નહિ પણ નહીં રહેમ નજર હેઠળ દોડે છે. છારીયા ગામ પાસે લાકડા ભરેલી એક ટ્રક એક ફોરવીલર ને અડફેટે લીધી હતી અને રોડ ઉપર પલટી મારેલી સ્ટેટ હાઈવે પર એવું લાગતું હોય કે લાકડાવાળાનો જ રોડ હોય છે. કોઈ પાસ પરમિટ નહીં કોઈ રોકટોક નહીં રોજની ૫૦થી વધારે ગાડીઓ દોડતી હોય હાલમાં જાણવા મળ્યું કે પાસ પરમિટ છે નહીં પણ પાસ પરમિટનું પણ સેટિંગ થઈ જાય છે, શું અધિકારીઓ વૃક્ષ ારોપણ કાર્યક્રમ ખાલી માત્ર સરકારને ખુશ કરવા માટે જ કરતા હોય તેવું લાગી રહ્યું છે.

જ્યારે આકાશમાંથી ઘટના બની ત્યારે લાકડા ભરેલા ટેમ્પા પાસે કોઈ પણ જાતની પાસ પરમિટ નથી અને થોડાક કલાકોમાં ઘોઘંબા તાલુકાના રીછવાણી બીટ માંથી લાકડા ભર્યા છે. તેવી પાસ ઈસ્યુ થઈ ગઈ જ્યારે ગોધરા તાલુકાના સ્ટાફ આવીને પૂછપરછ કરી ત્યારે અમારી જોડે પાસ છે, તેવું બતાવી અને લાકડા અન્ય વિસ્તારમાં ભરી અને લઈ ગયા અને એના પછી પણ બીજી પાંચથી સાત ગાડીઓ લાકડાની ભરી અને નીકળી ગઈ આના પરથી એવું લાગે છે કે ફોરેસ્ટ વિભાગના અમુક અધિકારીઓ મળેલા હોય તેવું લાગી રહ્યું છે અને જો ચોક્કસ પણે તપાસ થાય અને કાર્યવાહી થાય તો અનેક ભ્રષ્ટાચારી કર્મચારીના નામ પણ ખુલે કેમકે ગોધરા તાલુકાના ચારણીયા ગામ થી ડામર રીછવાણી માત્ર સાત કિલોમીટર નો ડિસ્ટન્સ રહેલું હોય તો ગોધરા વન વિભાગના અધિકારીઓ પહોંચતા અડધો કલાક લાગતા અડધો કલાકમાં પાસ પરમિટ જોઈશું થઈ જતી હોય તો ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ સો ટકામાં સંડોવણી હોય જો અધિકારી તપાસ કરવામાં આવે અથવા તો પછી કોલ ડીટેલ કાઢવામાં આવે તો પણ ઘણા એવા અધિકારીના નામ બહાર આવી શકે છે કેમકે સરકાર એવી વાતો કરે છે કે વૃક્ષ વાવો અને વરસાદ લાવો પણ વન વિભાગના અમુક અધિકારીઓના લીધે વૃક્ષ કાપો અને પૈસા ભરો ખિસ્સામાં તેવી પરિસ્થિતિ હાલ પંચમહાલ જીલ્લાના દરેક તાલુકામાં દેખાઈ રહી છે..

લાકડા ભરેલો ટેમ્પો ફુલ ઝડપે આવી રહ્યો હતો અને ગોધરા થી દામાવાવ તરફ જઈ રહેલા ટાટા અશોક ટેમ્પોને અડફેટમાં લીધો હતો અને જાણ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં તથા ગોધરા તાલુકા પોલીસના સ્ટાફ પણ આવી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે અને ગોધરા તારે ફોને ટેલીફોનિક વાત થતા ફોરેસ્ટનો વિભાગ પણ સ્થળ ઉપર આવી પહોંચ્યો હતો, પણ ફોરેસ્ટ વિભાગ નો સ્ટાફ આવે તે પહેલા પાસ પરમિટની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી અને પાંચમાં એવું જણાવ્યું હતું કે ઘોઘંબા તાલુકાના રીછવાણી ગામ માંથી લાકડા ભર્યા છે. તેવી જ્યારે ઘટના બને ત્યારે ફોન ઉપર ઘણા મિત્રો ફોરેસ્ટ વિભાગના અધિકારીઓને ફોન પર એવું કહેતા કે પાસ આપી જાવ અમને અમારો ટેમ્પો પલટી ખાધો છે. તમે આવી ના શકતા હોય તો અમે આવીને લઈ જઈએ. સ્થાનિક લોકોના મુખે આવી ચર્ચા જણાઈ આવી હતી.

# શહેરાના ભદ્રાલા જ્ઞાનદીપ ગંગામા હાઈસ્કુલના આચાર્યને પમો વાર્ષિક પદવીદાનમાં Phd. પદવી એનાયત કરાઈ




શહેરા,

શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામના વતની અને જ્ઞાનદીપ ગંગામા હાઈસ્કુલ ભદ્રાલાના આચાર્ય ડો. અર્જુનસિંહ એફ. તલારને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો પમો વાર્ષિક પદવીદાન અને દીક્ષાંત સમારોહમાં સાયકોલોજી વિષયમાં Ph.D.ની પદવી એનાયત કરવામાં આવી હતી.

ગોધરા તાલુકાના વિંઝોલ ખાતે આવેલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો પમો વાર્ષિક પદવીદાન અને દીક્ષાંત સમારોહ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રતની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓ માંથી ૪૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ તેમજ વિવિધ વિષયમાં ૪૧ વિદ્યાર્થીઓને યુનિ.દ્વારા પ્રથમ વખત Ph.D. ની પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામના વતની અને જ્ઞાનદીપ ગંગામા હાઈસ્કુલ ભદ્રાલાના આચાર્ય ડો.અર્જુનસિંહ એફ.તલાર ૫ મો વાર્ષિક પદવીદાન અને દીક્ષાંત સમારોહ અંતર્ગત ડો.વનરાજસિંહ પરમારને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે અને ડો.અર્જુનસિંહ તલારને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.પ્રતાપસિંહ ચૌહાણના વરદ હસ્તે આ બંને સાયકોલોજી સ્ટુડન્ટને Ph.D.ની પદવી એનાયત કરવામાં આવી હતી. ડો.અર્જુનસિંહ તલાર એસ.વી.ખાંટ હાઈસ્કૂલ ખોજલવાસાના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સાયકોલોજી વિષયના શિક્ષક તરીકે સેવાઓ આપવા સાથે તેઓ શહેરા તાલુકાની જ્ઞાનદીપ ગંગામા હાઈસ્કુલ ભદ્રાલામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. ડો.અર્જુનસિંહ તલાર મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને ઈતિહાસ સાથે Triple entire M.A.ની પદવી ધરાવે છે. જ્ઞાનપિપાસુ સ્વભાવ અને શિક્ષણની ભૂખને સંતોષવા ડો.અર્જુનસિંહ તલારે ઉચ્ચ અભ્યાસ કરી શિક્ષણના શિખર અને ટોચરૂપી Ph.D.ની પદવી પ્રાપ્ત કરી હતી. એન.કે.મહેતા એન્ડ શ્રીમતિ એમ.એફ.દાણી આર્ટસ કોલેજ માલવણ, તા.કડાણા, જી.મહીસાગરના ડીપાર્ટમેન્ટ ઓફ સાયકોલોજીના આસિસ્ટંટ પ્રોફેસર ડો.નરેશ જી.મૌર્યના માર્ગદર્શન હેઠળ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પ્રથમ બેચમાં ડો.અર્જુનસિંહ એફ.તલાર અને ડો.વનરાજસિંહ એમ.પરમાર (પ્રો.આર્ટસ કોલેજ લીમખેડા)ને સાયકોલોજી વિષયમાં Ph.D.ની પદવી એનાયત કરવામાં આવી હતી. ડો.અર્જુનસિંહ તલાર અને ડો.વનરાજસિંહ પરમાર બંને સાયકોલોજી સ્ટુડન્ટસે સાયકોલોજી વિષયમાં એકજ સાથે Ph.D.ની પદવી મેળવી પોતાના માર્ગદર્શક ડો.નરેશ જી.મૌર્ય , શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, કોલેજ સહિત શિક્ષણ જગત અને ક્ષત્રિય સમાજનું ગૌરવ વધાર્યું હતુ.

# ઘોઘંબામાં ફરોડ ગામે પાદુકા પૂજન અને જગતગુરૂ ભાવ વદના કાર્યક્રમ યોજયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ફરોડ ગામે રાષ્ટ્રીય ધર્માચારીઓના અખિલ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ અનંત શ્રી વિભૂષિત કૈવલ જ્ઞાનપીઠાધિશ્વર સપ્તમ કુવેરાચાર્ય જગતગુરૂ શ્રીઅવિચલ દેવાચાર્ય મહારાજની ઉપસ્થિતિમાં પાદુકા પૂજન અને જગતગુરૂ ભાવ વંદના કાર્યક્રમ યોજાયો.

દિવ્ય પરમગુરૂ શ્રીમંત કરૂણાસાગર મહારાજની અસીમ કૃપાથી સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ ગુરૂગાદી સારસાપુરીમાં યોજાયેલા વિરાટ ધર્મ સંમેલનમાં રાષ્ટ્રીય ધર્મચાર્ય દ્વારા અખિલ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ અનંત શ્રી વિભૂષિત કૈવલ જ્ઞાનપીઠાધિશ્વર સપ્તમ કુવેરાચાર્ય જગતગુરૂ શ્રીહરિચંદ્ર દેવાચાર્ય મહારાજની પદવી પ્રાપ્ત થયેલ છે. ત્યારે તેઓના સત્કાર સમારંભમાં કાલોલ વિભાગના પ્રેમી ભક્તજનોએ દ્વારા કાલોલ પંથકમાં પરમગુરૂ પાદુકા પૂજન અને જગતગુરૂ ભાવના કાર્યક્રમનું મોટા આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આજરોજ ઘોઘંબા તાલુકાના ફરોડ ગામે અવિચલ દેવાચાર્ય મહારાજનુ પરમગુરૂ પાદુકા પૂજન અને જગતગુરૂ ભાવનાનો કાર્યક્રમ યોજી ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે જગતગુરૂની નગર શોભાયાત્રા તથા સાયંકાલ ઉપાસના, ભોજન પ્રસાદી અને જગતગુરૂ વંદના કાર્યક્રમ જેવા ધાર્મિક કાર્યક્રમો કરી ઉત્સાહપૂર્વક કાર્યક્રમ યોજ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ફરોડ ગામમાં ભાવ ફેરી અને મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહી ભજનો, ગીતો અને ધૂન દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવવામાં આવ્યું હતું. મહારાજની ઉપસ્થિતિ બદલ સમગ્ર ગ્રામજનોએ તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને મહારાજએ સૌને સુખી સંપત્તિવાન બનો તેવા આશીર્વાદ આપ્યા હતા.

# હાલોલ મોડેલ સ્કુલના માધ્યમિકના ૩૦ બાળકોને પીકઅપ ટેમ્પામાં ઘેટાં બકરાંની જેમ ૪૦ કિ.મી. અંતર કાપી ગોધરા સ્પોર્ટસ કોમ્પ્લેકસ સુધી લાવવા વિડિયો બાદ ખુલ્લા દોર શરૂ



ગોધરા,

હાલોલ તાલુકાના દુનિયા કલસ્ટરમાં આવેલ મોડેલ સ્કુલ માધ્યમિક વિભાગના ૩૦ જેટલા વિદ્યાર્થીઓને સ્પોર્ટસ એકટીવીટી માટે ગોધરા સ્પોર્ટસ કોમ્પ્લેકસમાં લઈ જવા માટે ખુલ્લી પીકઅપ ટેમ્પોમાં ઘેટા બકરાંની જેમ ઉભા રાખીને ૪૦ કિ.મી.નો પ્રવાસ કરાવ્ય હતો. વડોદરા બોટકાંડના બનાવ આંખો આગળ તરવરી રહ્યો છે. તેમ છતાં શાળાઓ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસમાં બેદરકારી સામે આવી છે.

હાલોલ તાલુકાના દુનિયા કલસ્ટરમાં આવતી મોડલ સ્કુલ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને સ્પોર્ટસ કોમ્પ્લેકસ ખાતે લઈ જવાતા હોય ત્યારે શાળા દ્વારા ૩૦ જેટલા વિદ્યાર્થીઓને ખુલ્લા પીકઅપ ટેમ્પામાં ઘેટા બકરાની જેમ ભરીને ૪૦ કિ.મી. સુધીનો પ્રવાસ કરવામાં આવ્યો હતો. વડોદરા બોટકાંડમાં શૈક્ષણિક પ્રવાસમાં બેદરકારીને લઈ નિર્દોષ બાળકો જીવ ગુમાવી ચુકયા છે. તે બાબતને લાંબો સમય થયો નથી તેમ છતાં શાળાઓ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસમાં ખુલ્લી પીકઅપ ડાલામાં જોખમી મુસાફરી કરાવી હોય તે બાબતે શિક્ષણ વિભાગ જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિડીયો વાયરલ થયા બાદ તપાસ કરતા હાલોલ મોડેલ સ્કુલ માંથી વિદ્યાર્થીઓને સ્પોર્ટસ એકટીવીટી માટે ગોધરા લવાયા હતા. શાળાના આચાર્ય દ્વારા ખુલાસો કરતાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓને લઈને આવતું વાહન રસ્તામાં બગડી ગયેલ હોય જેને લઈ વૈકલ્પિક વ્યવસ્થા કરીને પીકઅપ ટેમ્પામાં વિદ્યાર્થીઓને લાવવામાં આવ્યા હતા. તેમ જણાવી રહ્યા છે. પીકઅપ ટેમ્પોમાં મોડેલ સ્કુલ હાલોલના વિદ્યાર્થીઓને ૪૦ કિ.મી.નો જોખમી પ્રવાસમાં જવાબદારો સામે કાર્યવાહી કરાશે.

# ગોધરા પાલિકા શોપીંગ સેન્ટરની દુકાન ભાડાની વસુલાત કામગીરી માટે હાઈકોર્ટે ૧૯ ફેબ્રુઆરી સુધી બંધ રાખવાનો હુકમ કરતાં ભાડા વસુલાત કામગીરી મોકુફ રખાઈ



ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા આજરોજ પાલિકા શોપીંગ સેન્ટરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં વેરા વસુલાત હાથ ધરવામાં આવી હતી. કામગીરી વચ્ચે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૧૯ ફેબ્રુઆરી સુધી ભાડા વસુલાતની કામગીરી ઉપર બંધ રાખવાના ફરમાન કરતાં ૧૯ ફેબ્રુઆરી સુધી ભાડા વસુલાતની કામગીરી બંધ રાખવામાં આવીછે.

ગોધરા નગર પાલિકાની ૭૦૦ દુકાનના દુકાનદારોને ભાડાના વધારાના નાણાં ભરપાઈ કરવાની નોટીસની સમયમર્યાદા પુરી થતાં ગોધરા પાલિકાના શોપીંગ સેન્ટરની દુકાનના વધારાના ભાડાની વસુલાત માટે વડોદરા પ્રાદેશિક કમિશ્નર કચેરી દ્વારા પંચમહાલ, વડોદરા, દાહોદ, આણંદ, મહિસાગર જીલ્લા માંથી ચીફ ઓફિસરની ટીમ બનાવી વસુલાતની કામગીરી સોંપવામાં આવી હતી. પાલિકા અધિકારીઓની ટીમ દ્વારા ૯૦ દુકાનદારો પાસેથી ભાડાની વસુલાત કરવામાં આવી હતી. આજે ત્રીજા દિવસે ગોધરા પાલિકા કર્મચારીઓ દ્વાર લાલબાગ બસ સ્ટેશન રોડ ઉપરની દુકાનોમાં ભાડાની વસુલાત કામગીરી હાથ ધરી હતી. દરમિયાન ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો કે, પાલિકા શોપીંગ સેન્ટરના દુકાનદારો અને પાલિકા બન્ને પક્ષકારોને હાઈકોર્ટ સાંભળવા માંગતી હોય જેથી બન્ને પોતાનો પક્ષ રજુ કરે ત્યાં સુધી તા.૧૯ ફેબ્રુઆરી સુધી ભાડા વસુલાતની કામગીરી સ્થગીત બંધ રાખવાના હુકમ કરતાં ગોધરા પાલિકા દ્વારા ભાડા વસુલાત કામગીરી મોકુફ રાખી છે. જેને લઈ પુરતો વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

# ઘોઘંબાના ગોરાડાપાણી ગામે થી ૫૯ હજારના ઈંગ્લીશ દારૂ સાથે ઈસમ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગોરાડાપાણી પૂજારીયા ફળીયામાં રહેતા ઈસમે ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને પોતાના ઘરમાં તેમજ ઘાસમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે દામાવાવ પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ બોટલ નંગ–૧૨૦ તથા બીયર ટીન મળી કુલ ૫૯,૧૬૦/– સાથે એક આરોપી ઝડપાઈ જઈ તેમજ બે ઈસમો ઘરે મળી નહિ આવતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગોરાડાપાણી પુજારીયા ફળીયામાં રહેતા આરોપી ઈસમો વિપુલ બોતેરભાઈ રાઠવા, મેહુલભાઈ રાઠવાએ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ હોય અને સતીશભાઈ જબુભાઈ રાઠવાના ઘરમાં તેમજ ઘાસના ઢગલામાં સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે દામાવાવ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ગોવા સ્પિરીટ ઓફ સ્મુથનેર વ્હીસ્કી પ્લાસ્ટીક બોટલ નંગ–૧૨૦ તથા બીયર ટીન નંગ–૨૮ મળી કુલ ૫૯,૧૬૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે સતીશ રાઠવાને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે બે ઈસમો સ્થળ ઉપર મળી નહિ આવતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરા તાલુકાના ડોકવા ગામ ખાતે ધારાસભ્ય અને તાલુકા વિકાસ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩૪૦૧ જેટલા તૈયાર થયેલા આવાસોનુ વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

શહેરા,

શહેરા તાલુકાના ડોકવા ગામ ખાતે ધારાસભ્ય અને તાલુકા વિકાસ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩૪૦૧ જેટલા તૈયાર થયેલા આવાસોનુ વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ઈ–લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે. ડોકવા ગામ ખાતે ૧૦ ફેબ્રુઆરીએ યોજાનારા આ કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી હોવાથી તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલએ સ્થળની મુલાકાત લેવામાં આવવા સાથે આ કાર્યક્રમમાં લાભાર્થીઓ સહિત વિધાનસભા મત વિસ્તારમાંથી અંદાજીત ૧૦,૦૦૦ કરતાં વધુ લોકો આ કાર્યક્રમમાં આવનાર છે.

શહેરા વિધાનસભા મત વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ વધુમાં વધુ લોકોને મળે એવા પ્રયાસો ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા કરવામાં આવી રહ્યા છે. તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલના માર્ગદર્શન હેઠળ તાલુકાના ડોકવા ગામ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થયેલા ૩૪૦૧ જેટલા આવાસોનું ઈ–લોકાર્પણ કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બનાસકાંઠા જીલ્લાના ડીસા ખાતેથી ૧૦ ફેબ્રુઆરીના રોજ વિધાનસભા મત વિસ્તારમાં તૈયાર થયેલા આવાસો નુ વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ઈ–લોકાર્પણ કરનાર હોવા સાથે આ કાર્યક્રમમાં વિધાનસભા ગૃહના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડ, તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠક તેમજ ભાજપ અગ્રણી પર્વતસિંહ ચૌહાણ તેમજ ધારાસભ્ય પી.એ રણવીર સિંહ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેનાર છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ સહિત સ્ટેજ ઉપર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને મકાનોની ચાવી અપાશે તેમજ આ કાર્યક્રમ માં આવનાર લાભાર્થીઓને કોઈ તકલીફ ન પડે એ માટેનું સુંદર આયોજન તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ તેમજ તાલુકા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહયુ છે. તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ એ તાલુકા વિસ્તરણ અધિકારી આઈ.આર. ડી. ધર્મેન્દ્ર સિંહ સિસોદિયા તેમજ ભાજપ અગ્રણી પર્વતસિંહ ચૌહાણ તેમજ ડોકવા ગામના અગ્રણી રાકેશ ચૌહાણ ને સાથે રાખીને કાર્યક્રમ સ્થળની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમ સફળ થાય એ માટે તાલુકા વહીવટી તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવવા સાથે શહેરા વિધાનસભા મત વિસ્તારના લાભાર્થીઓ સહિત અંદાજીત ૧૦,૦૦૦ કરતાં વધુ લોકો ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.